₹ ૧૫/-

## 'બે' જે 'એક' છે.



# પ્રભુ અર્પણ

એપ્રિલ - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

## હું અને મારો માર્ગ

હું કોઈ પણ દેશની નથી, હું કોઈ પણ સંસ્કૃતિ, કોઈ પણ સમાજ કે જાતિની નથી. હું ભગવાનની છું.

હું કોઈ પણ માલિકની, કોઈ પણ રાજાની આણ સ્વીકારતી નથી, હું કોઈ પણ કાયદો કે સમાજની રૂઢિને આધીન નથી. હું કેવળ ભગવાનની આજ્ઞાને માથે ચઢાવું છું.

મેં ભગવાનને મારું સર્વસ્વ સમર્પી દીધું છે, મારો સંકલ્પ, મારું જીવન, મારો આત્મા. ભગવાનને માટે — જો એની એવી ઈચ્છા હોય તો — હું મારું બધું જ રક્ત, સંપૂર્ણ આનંદપૂર્વક આપવા તૈયાર છું. અને એની સેવામાં કોઈ પણ વસ્તુ અર્પણ કરવી એ બલિદાન નથી, એમાં બધું જ પૂર્ણ પરમાનંદ છે.

શ્રી માતાજી

(CWM 13 : 37-38)

યોગિક અથવા આધ્યાત્મિક જીવનને કોઈ વ્યક્તિનું પૂર્વ જીવન અને સંબંધો કેવા હતા તેની સાથે કોઈ નિસ્બત નથી; આપણે તે પુરુષ કે સ્ત્રી આધ્યાત્મિક રીતે કઈ વસ્તુઓ સિદ્ધ કરે છે તે જોવાનું છે.

*

દિવ્ય માતાજી એ પ્રભુની ચેતના અને શક્તિ છે — જે સર્વ કોઈની જનેતા છે.

શ્રી અરવિન્દ

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

એપ્રિલ – ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૦૪



**સમાધિ – શ્રી અરવિન્દ આશ્રમ**

**(સમાધિ પ્રતિ નજર કરીને)**

મારી પૂજા થાય એમ હું ઇચ્છતી નથી. હું આવી છું કાર્ય કરવા માટે, પૂજા કરાવવા માટે નહિ. એ લોકો એમનું હૃદય સંતોષ પામે એટલી હદે ભલે તમારી પૂજા કરે અને મને શાન્ત તેમ જ સંતાયેલી રહેવા દે, જેથી હું મારું કાર્ય ખલેલ પામ્યા વિના કરી શકું.

**શ્રી માતાજી**

## The Two Who are One

There are Two who are One and play in many worlds;
In Knowledge and Ignorance they have spoken and met
And light and darkness are their eyes' interchange;
Our pleasure and pain are their wrestle and embrace,
Our deeds, our hopes are intimate to their tale;
They are married secretly in our thought and life.
The universe is an endless masquerade:
For nothing here is utterly what it seems;
It is a dream-fact vision of a truth
Which but for the dream would not be wholly true,
A phenomenon stands out significant
Against dim backgrounds of eternity;
We accept its face and pass by all it means;
A part is seen, we take it for the whole.
Thus have they made their play with us for roles:
Author and actor with himself as scene,
He moves there as the Soul, as Nature she....

This is the knot that ties together the stars:
The Two who are one are the secret of all power,
The Two who are one are the might and right in things.
His soul, silent, supports the world and her,
His acts are her commandment's registers.
Happy, inert, he lies beneath her feet:
His breast he offers for her cosmic dance
Of which our lives are the quivering theatre,
And none could bear but for his strength within,
Yet none would leave because of his delight....

**Savitri : 61-63** **Sri Aurobindo**

# અનુક્રમ

**'બે' જે 'એક' છે**
**(૨૪ એપ્રિલ ૧૯૨૦ વિશે)**
**મારા પોંડિચેરી પુનરાગમનની વરસગાંઠ એ વિરોધી શક્તિઓ ઉપરના વિજયની સ્પષ્ટ નિશાની હતી**
**શ્રી માતાજી**


| | |
|---|---|
| અવિભાજ્ય એકતા | ૦૭ |
| શ્રી અરવિન્દની શક્તિ | ૨૧ |
| શ્રી માતાજીને શરણે જવું | ૨૯ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૪ |


**તંત્રી નોંધ :** દરેક સમયે અવતાર આવ્યા છે ત્યારે એમની શક્તિ પણ એક કે બીજા રૂપે હાજર રહી છે. પણ સામાન્યતઃ શક્તિ પાર્શ્વ ભૂમિમાં રહી છે. પ્રથમ વખત જ આપણે જોયું કે બંને – ઈશ્વર અને એમની શક્તિ – સાથે જ આવ્યાં એટલું નહિ; પરંતુ આપણી માનવજાતિમાંની ઈશ્વરની લીલામાં શક્તિ વાસ્તવિક રૂપે અગ્રભાગે રહી છે. એનું કારણ એ હકીકતમાં રહેલું છે કે આ વખતે અવતારનું પ્રયોજન ધર્મની હાનિ થતી અટકાવવા પૂરતું જ સીમિત ન રહેતાં, તથા ઉત્ક્રાંતિમાં એક વધુ સોપાન ઉમેરવાનું જ માત્ર ન રહેતાં, એમાં વધારાનો હેતુ – તદ્દન નૂતન સૃષ્ટિના નિર્માણકાર્યમાં જોડાવાનો પણ રહ્યો છે. અલબત્ત, નૂતન વિશ્વનો વિચાર ઘણી વખત પૃથ્વીની ચેતનામાં રોપવામાં તો આવેલો છે જ, પરંતુ એનું વાસ્તવિક ઘડતર અને એના જન્મ માટેની પ્રસવપીડા તો દિવ્ય શક્તિ જ સહન કરી શકે, જે સાચે જ સર્વ સર્જનનું ગૂઢ ગર્ભસ્થાન છે. એમાં કંઈ આશ્ચર્ય નથી કે શ્રી અરવિન્દે સ્પષ્ટ રીતે, નિશ્ચયાત્મક રીતે જણાવ્યું છે કે તે બંને (શ્રી અરવિન્દ અને શ્રી માતાજી)ની ચેતના વચ્ચે કોઈ ભેદ નથી એટલું જ નહિ પરંતુ તેમણે એ રહસ્ય પણ છતું કર્યું છે કે એમના પૂર્ણયોગનાં અનેક સોપાનોમાંનું એક પાયાનું સોપાન છે : શ્રી માતાજી પરત્વે ખુલ્લા થવું અને શ્રી માતાજીને શરણે જવું. આ અંકમાંનાં લખાણો શ્રી અરવિન્દ દ્વારા પ્રબોધિત યોગના કેન્દ્રસ્થ સત્યોની ધરી આસપાસ ફરતાં રહે એ રીતે એનું સંકલન કરવામાં આવ્યું છે.

**મુખપૃષ્ઠ :** શ્રી ચંપકલાલે દોરેલ બે કમળ. સફેદ કમળ નીચે શ્રી અરવિન્દે લખી જણાવ્યું હતું : Aditi : The Divine Mother અને લાલ કમળ નીચે શ્રી માતાજીએ લખી જણાવ્યું હતું : Avatar Sri Aurobindo.

# અવિભાજ્ય એકતા

**એક ચેતના**

શ્રી માતાજીની ચેતના અને મારી ચેતના વચ્ચેનો વિરોધ એ છે પુરાણા દિવસોની બનાવટ — (એનું શ્રેય ક્ષ, ય અને તે સમયના અન્ય લોકોને ફાળે જાય છે) અને એવા સમયે એ બનાવટ ઊભી કરવામાં આવી હતી જ્યારે શરૂઆતમાં થોડા લોકો અહીં (આશ્રમમાં) હતા અને તે લોકોએ શ્રી માતાજીનો સ્વીકાર કર્યો ન હતો તથા તેમની પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રકટ ન કર્યો હતો. એ જ લોકોએ શ્રી માતાજીનો સ્વીકાર કર્યા બાદ પણ શ્રી માતાજીનો અર્થહીન વિરોધ જારી રાખ્યો હતો અને એ રીતે પોતાને માટે તેમ જ અન્યો માટે મોટું નુકશાન વહોરી લીધું હતું.

*

શ્રી માતાજીની ચેતના અને મારી ચેતના એ બંને એક જ છે. એક જ દિવ્ય ચેતના બે રૂપે છે, કારણ કે જગતની લીલા માટે એની જરૂર છે. શ્રી માતાજીના જ્ઞાન વિના, તેમની શક્તિ વિના, તેમની ચેતના વિના કાંઈ પણ કરી શકાય તેમ નથી. જો કોઈને સાચેસાચ શ્રી માતાજીની ચેતનાનો અનુભવ થતો હોય તો તેણે જાણવું જોઈએ કે એ ચેતનાની પાછળ હું ઊભો છું. અને જો કોઈને મારી અનુભૂતિ થતી હોય તો જાણવું કે તેની પાછળ શ્રી માતાજી છે.

*

**એક શક્તિ**

**પ્રશ્ન :** આપની અને શ્રી માતાજીની કાર્ય કરવાની રીતમાં કોઈ તફાવત છે ખરો — મારો કહેવાનો અર્થ છે તમારી અને શ્રી માતાજીની શક્તિ તથા એની અસરકારકતામાં કોઈ તફાવત છે ખરો ?

**ઉત્તર :** ના, એ એક જ શક્તિ છે.

*

અલબત્ત, તમે જ્યારે એમ જણાવો છો — કે અમે બંને એક છીએ અને જે કંઈ આપવામાં આવે છે તે બંને તરફથી જ હોય છે — ત્યારે તમે સાચું જણાવો છો. જો હું આપું તો એની સાથે શ્રી માતાજીની શક્તિ એની સાથે હોય છે, એમ ન હોય તો સાધકને કશું જ ન મળે. અને શ્રી માતાજી આપે ત્યારે એની સાથે મારો ટેકો પણ હોય જ છે અને તે મારો તેમ જ શ્રી માતાજીનો પ્રકાશ સાધકને આપે છે.

એ હોય છે અવિભાજ્ય એવા એક કાર્યની બે બાજુઓ. એક, અન્યને પોતાની સાથે વહી લાવે છે. શ્રી માતાજીની શક્તિ પ્રેરણા આપે છે તેમ જ શાંતિ પણ લઈ આવે છે.

સાધકને શ્રી માતાજી પાસેથી જે કંઈ મળે છે તે મારી પાસેથી જ આવતું હોય છે — એમાં કોઈ તફાવત છે જ નહિ. એ જ રીતે, હું જો કંઈ પણ આપું તો તે શ્રી માતાજીની શક્તિ દ્વારા જ સાધક પાસે પહોંચે છે.

શ્રી માતાજીની ચેતના તે દિવ્ય ચેતના છે અને એમાંથી આવતો પ્રકાશ તે દિવ્ય સત્યનો પ્રકાશ છે. જે માણસ શ્રી માતાજીના પ્રકાશને ઝીલે છે, સ્વીકારે છે તથા તેમાં રહેવા લાગે છે તેને એ સત્ય બધી ભૂમિકાઓ ઉપર, મન, પ્રાણ તથા શરીરની સર્વ ભૂમિકાઓ ઉપર દેખાવા લાગશે. એવો માણસ જે કાંઈ અદિવ્ય છે તે બધાનો ઇનકાર કરી દેશે, — અદિવ્ય એટલે કે અંધારી શક્તિઓનું અસત્ય, અજ્ઞાન, સ્ખલનો. જગતમાં જે જે વસ્તુઓ અંધકારમય છે તથા પ્રભુના દિવ્ય સત્યને તેમ જ તેના પ્રકાશ અને શક્તિને સ્વીકારવા જે અનિચ્છુક છે તે બધું અદિવ્ય છે. અર્થાત્, જે જે વસ્તુઓ શ્રી માતાજીના પ્રકાશ તથા શક્તિને સ્વીકારવા અનિચ્છુક છે એ બધી અદિવ્ય છે. એટલા માટે જ હું તમને હંમેશાં કહેતો રહ્યો છું કે તમે શ્રી માતાજી સાથે તથા તેમના પ્રકાશ અને શક્તિ સાથે સંપર્કમાં રહો. કારણ કે એ રીતે જ તમે આ ગોટાળામાંથી અને અંધકારમાંથી નીકળી શકશો અને ઉપરથી આવતા સત્યને ઝીલી શકશો.

અમે જ્યારે શ્રી માતાજીના અથવા તો મારા પ્રકાશ વિશે એક ખાસ અર્થમાં વાત કરીએ છીએ ત્યારે અમે એક ખાસ રીતની ગૂઢ ક્રિયા વિશે કહેતાં હોઈએ છીએ — એ અતિમનસમાંથી આવતા અમુક પ્રકાશો વિશેની વાત હોય છે. આ ક્રિયામાં શ્રી માતાજીનો પ્રકાશ તે સફેદ પ્રકાશ હોય છે. એ પ્રકાશ વિશુદ્ધિ તથા જ્ઞાન લઈ આવે છે, સત્યના સારાયે મૂળ તત્ત્વને તથા શક્તિને નીચે લઈ આવે છે તથા રૂપાંતરને શક્ય બનાવી આપે છે. પણ ખરું જોતાં તો ઉપરની દિશામાંથી આવતો તમામ પ્રકાશ તે શ્રી માતાજીનો જ પ્રકાશ છે.

શ્રી માતાજીના અને મારા માર્ગની વચ્ચે કોઈ ફેર નથી. અમારા બંનેનો માર્ગ એક જ છે, અને હંમેશાં તે એક જ રહેલો છે. એ માર્ગ તે અતિમાનસ પરિવર્તન પ્રત્યે તથા પ્રભુના દિવ્ય સાક્ષાત્કાર પ્રત્યે લઈ જનારો માર્ગ છે. માત્ર છેવટે જતાં જ નહિ, પણ છેક આરંભથી જ અમારા માર્ગ એક રહેલા છે.

એક બાજુએ શ્રી માતાજીને મૂકવાં અને મને બીજી બાજુએ મૂકવો, યા તો મને શ્રી માતાજીની સામી બાજુએ મૂકવો કે પછી કોઈ જુદી જ બાજુ પર મૂકવો અને એ રીતે અમારી વચ્ચે ભેદ અને વિરોધ ઊભો કરવાનો પ્રયત્ન કરવો એ અસત્યનાં બળોની એક હમેશની યુક્તિ રહેલી છે. એ બળો જ્યારે કોઈ સાધકને સત્યમાં પહોંચતાં અટકાવવા માગે છે ત્યારે તેઓ હંમેશાં આ યુક્તિ વાપરે છે, આ પ્રકારનાં સર્વ અસત્યોને તમારા મનમાંથી નાબૂદ કરી નાખો.

તમે એ જાણી લો કે શ્રી માતાજીનો પ્રકાશ અને શક્તિ તે પરમ સત્યનો જ પ્રકાશ અને શક્તિ છે. શ્રી માતાજીના આ પ્રકાશ અને શક્તિ સાથે હંમેશાં સંપર્કમાં રહો. તમે એ સંપર્ક પામી શકશો ત્યારે જ તમે દિવ્ય સત્યમાં વિકાસ પામી શકશો. (CWSA 35 : 455-56)

*

મેં એક વખત લખી જણાવ્યું હતું કે શ્રી માતાજી અને મારી વચ્ચેની અલગતા તથા અમારા માર્ગો અલગ અલગ છે અને ધ્યેય પણ અલગ છે એ વિશેના બધા વિચારો એકદમ ભૂલભરેલા

છે. અમારો માર્ગ સમાન છે, અમારું ધ્યેય પણ સમાન છે — અને એ છે અતિમાનસ ઈશ્વર.

*

શ્રી માતાજી, શ્રી અરવિન્દને મળ્યાં તે પહેલાંથી યોગ કરતાં હતાં; પરંતુ બંનેની સાધનાનો પંથ સ્વતંત્રપણે એક સરખો રહ્યો હતો. જ્યારે તેઓ બંને મળ્યાં ત્યારે તેઓએ સાધનાને પૂર્ણ કરવામાં એક બીજાને મદદ કરી હતી. જે વસ્તુને શ્રી અરવિન્દનો યોગ કહેવામાં આવે છે તે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું સંયુક્ત સર્જન છે; તેઓ એકબીજા સાથે પૂર્ણપણે એકીભૂત થઈ ગયેલાં છે - આશ્રમમાંની સાધના અને સર્વ વ્યવસ્થા, શ્રી માતાજી જાતે સીધેસીધાં કરે છે, શ્રી અરવિન્દ એમને પાછળથી ટેકો આપે છે. જે કોઈ લોકો અહીં યોગ કરવા માટે આવે છે તેમણે શ્રી માતાજીને સમર્પણ કરવાનું હોય છે. શ્રી માતાજી તેમને હંમેશાં સહાય કરે છે અને તેમના આધ્યાત્મિક જીવનનું ઘડતર કરે છે.

*

## નહિ ઓછું, નહિ વધારે

**પ્રશ્ન :** હું ઈશ્વરની અનુભૂતિ સર્વત્ર રહેલા ઈશ્વર તરીકે કરું છું, જે ઈશ્વર મને તેમના પ્રતિ ખેંચી રહ્યા છે. તે ઈશ્વર છે સર્વનો આત્મા અને સર્વનો સ્વામી. મારી એવી લાગણી છે કે એ ઈશ્વર શ્રી માતાજી કરતાં વધુ મહત્તર છે. મારી એવી લાગણી પણ છે કે એ ઈશ્વર જે છે, તે મારા પિતાશ્રી શ્રી અરવિન્દના દેહમાં મૂર્ત સ્વરૂપે પ્રકટ થયો છે.

**ઉત્તર :** એ છે ઈશ્વરનું એક પાસુ — પરંતુ ઈશ્વર તે આત્મા અને સ્વામી રૂપે તેમ જ ઈશ્વર માતૃ સ્વરૂપે, એ બંને એક જ છે. એમાં ઓછું કે વધારે એવું કશું છે જ નહિ.

*

**પ્રશ્ન :** અહીં અમુક લોકો એવું શા માટે માને છે કે તમે શ્રી માતાજી કરતાં વધુ મોટા છો ? તમે બંને શું એકસમાન ભૂમિકા પર નથી ? માનવ દૃષ્ટિ ઉપર પડેલો પડદો જ શું આ ભેદ ઉત્પન્ન કરતો નથી ?

**ઉત્તર :** એ છે મન, જે સપાટી પરની વસ્તુઓને જ માત્ર જુએ છે અને એ પૂઠળે રહેલી વસ્તુઓને જોઈ શકતું નથી.

હું અને શ્રી માતાજી બે શરીરોમાં એક જ વ્યક્તિતા છીએ. અલબત્ત બંને શરીરોએ હંમેશાં એક જ વસ્તુ કરતાં રહેવું એ જરૂરી નથી. એનાથી ઊલટું, (બે શરીરો એક જ વસ્તુ કરતાં રહે એનાથી) અમે એક હોવાથી એક વ્યક્તિ સહી કરે અને એક વ્યક્તિ નીચે જઈ પ્રણામ સ્વીકારે કે ધ્યાન કરાવે એ પૂરતું છે.

*

શ્રી માતાજી અને હું એક છીએ, સમાન છીએ. અહીં (આશ્રમમાં) શ્રી માતાજી જ સર્વોચ્ચ છે અને કાર્ય માટે શ્રેષ્ઠ શું છે એ વિશે તેઓ જે વિચારે તે મુજબ બધી વ્યવસ્થા કરવાનો તેમને અધિકાર છે. અહીં જેને જે કાર્ય સોંપવામાં આવે તે વિશે કોઈને પણ કશો હકદાવો કરવાનો કે

એના ઔચિત્ય વિશે કશું કહેવાનો હક નથી. આશ્રમ એ શ્રી માતાજીનું સર્જન છે અને એમના વિના એનું અસ્તિત્વ જ હોત નહિ. (CWSA 32 : 83)

*

## યુગોથી સાથે કાર્ય કરવું

**પ્રશ્ન :** અમે માનીએ છીએ કે આપ તેમ જ શ્રી માતાજી બંને અવતાર છો. પરંતુ શું આ જન્મમાં જ આપ બંનેએ પોતાનું ઈશ્વરત્વ પ્રકટ કર્યું છે ? એમ કહેવાય છે કે આપ તેમ જ શ્રી માતાજી પૃથ્વીના આરંભકાળથી સતત પૃથ્વી ઉપર વિદ્યમાન છો. આપના અગાઉના જન્મોમાં આપ શું કાર્ય કરતાં હતાં ?

**ઉત્તર :** ઉત્ક્રાંતિને આગળ ધપાવવાનું કાર્ય.

**પ્રશ્ન :** આપના આટલા સંક્ષિપ્ત પ્રત્યુત્તરને સમજવાનું મારે માટે મુશ્કેલ છે. આપ એને વિગતવાર સમજાવી શકો ?

**ઉત્તર :** એમ કરવા માટે મારે આખો માનવ ઈતિહાસ લખવો પડે. હું એટલું જ જણાવી શકું કે ઉત્ક્રાંતિને એના આગળના તબક્કે લઈ જવા માટે જે રીતે વિશિષ્ટ અવતરણો થતાં હોય છે એ જ રીતે એ દરેક તબક્કે ઉત્ક્રાંતિને આ કે તે દિશામાં લઈ જવા ઈશ્વર તત્ત્વનું કંઈક પણ હંમેશાં પૃથ્વી ઉપર વિદ્યમાન હોય છે જ.

**પ્રશ્ન :** ભૂતકાળમાં જ્યારે આપ બંને બાહ્ય રીતે સામાન્ય માનવી તરીકે પૃથ્વી ઉપર વિદ્યમાન હતા ત્યારે સામાન્ય જનસમૂહ તમને ઓળખી ન શકે એ શક્ય છે. પરંતુ શ્રી કૃષ્ણ, બુદ્ધ અને ક્રાઈસ્ટ પણ આ જગતમાંની આપની હાજરી વિશે અજ્ઞાત રહે એ કેવી રીતે શક્ય બને ?

**ઉત્તર :** હાજરી ક્યાં અને કોની અંદર ? જો તેઓ અમને મળે નહિ તો ઓળખી પણ ન જ શકે, અને ધારો કે તેઓ અમને મળ્યા પણ હોય તો પણ મારે કે શ્રી માતાજીએ, અમારી તે વખતની વ્યક્તિતાઓ ઉપર ઢાંકેલો પડદો દૂર કરી દઈ એ વ્યક્તિતાઓ પાછળ રહેલી દિવ્યતા શા માટે પ્રકટ કરવી જોઈએ ? એ જન્મોમાં અમારે એવું કંઈ કરવાનું હતું જ નહિ. (CWSA 32 : 88-89)

**પ્રશ્ન :** આપ બંને આ પૃથ્વી ઉપર હંમેશને માટે હતા જ એનો અર્થ એ થાય કે એ મહાન આત્માઓ જ્યારે અવતર્યા ત્યારે આપ પણ પૃથ્વી ઉપર હાજર હતા જ. હવે તે વખતે તમારું બાહ્ય રૂપ ગમે તે હોય, પરંતુ તમારું આંતર સ્વરૂપ 'તમારી સાચી દિવ્યતા' એ મહાન આત્માઓથી તમે કેવી રીતે છુપાવી શકો ?

**ઉત્તર :** પરંતુ આ બધા જન્મોમાં આંતર સ્વરૂપ બધા જ લોકોથી કેમ છુપાવી ન શકાય ? તમારા તર્કને થોડી અસરકારકતા માત્ર ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે એમ માની લેવામાં આવે કે તે વખતે પૃથ્વી ઉપરની અમારી હાજરી અવતાર રૂપે હોય, પણ એ હાજરી જો વિભૂતિ રૂપે હોય તો તમારો તર્ક અસરકારક રહેતો નથી.

**પ્રશ્ન :** આપે પૂછ્યું છે 'હાજરી ક્યાં અને કોની અંદર ?' તમે આ પ્રશ્નસૂચક શબ્દો કેમ વાપર્યા છે ? એ શબ્દો ખરેખર શું કહેવા માગે છે ?
**ઉત્તર :** એ 'હાજરી' તે કોઈ શરીરની અંદર કે કોઈ શરીરની તેમ જ કોઈ બાહ્ય વ્યક્તિતાની પૂંઠળે રહેલી હાજરી, અને 'હાજરી' જગતના કયા ભાગમાં ? એ અર્થમાં એ શબ્દો વાપરવામાં આવ્યા છે. બુદ્ધના સમયમાં શ્રી માતાજી જો રોમમાં હોય તો બુદ્ધને તે કેવી રીતે ખબર પડે ? કારણકે એ વખતે બુદ્ધને રોમના અસ્તિત્વ વિશે પણ જાણ ન હતી.

**પ્રશ્ન :** જ્યારે આપ તેમ જ માતાજી પૃથ્વી ઉપર શરૂઆતથી જ સતત વિદ્યમાન હતા જ તો પછી એક પછી એક અવતારોને અહીં આવવાની શું જરૂર હતી ?
**ઉત્તર :** અમે પૃથ્વી ઉપર અવતારો તરીકે હાજર ન હતા.

**પ્રશ્ન :** આપ જણાવો છો કે આપ બંને પૃથ્વી ઉપર અવતારો તરીકે ન હતા. અને છતાં આપ ઉત્ક્રાંતિને આગળ ધપાવવાનું કાર્ય કર્યે જતાં હતાં. હવે જ્યારે ઈશ્વર પોતે પૃથ્વી ઉપર હાજર હોય ત્યારે અવતાર, જે ઈશ્વરનો જ અંશ છે, તેમનું પૃથ્વી પર આવવાનું શું પ્રયોજન હતું ?
**ઉત્તર :** જ્યારે કોઈ વિશિષ્ટ કાર્ય કરવાનું હોય છે અને જ્યારે ઉત્ક્રાંતિમાં કોઈ કટોકટીની પળ આવે છે ત્યારે અવતારની જરૂર પડે છે. અવતાર એ એક વિશિષ્ટ આવિર્ભાવ છે જ્યારે બાકીના સમયે ઈશ્વર સામાન્ય માનવીય મર્યાદામાં રહી વિભૂતિ તરીકે કાર્ય કરતા હોય છે.

(CWSA 28 : 489)


*

**Our Love is an eternal Truth.**

CWM 13 : 32 **The Mother**

**અમારો દિવ્ય પ્રેમ, એ છે શાશ્વત સત્ય.**


**શ્રી માતાજી**


When in your heart and thought you will make no difference between Sri Aurobindo and me, when to think of Sri Aurobindo will be to think of me and to think of me will mean to think of Sri Aurobindo inevitably, when to see one will mean inevitably to see the other, like <u>one and the same Person</u>, — then you will know that you begin to be open to the supramental force and consciousness.

જ્યારે તમે તમારા હૃદયમાં અને વિચારોમાં શ્રી અરવિન્દ અને મારા વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદ નહિ કરો, જ્યારે તમે શ્રી અરવિન્દનો વિચાર કરતા હો ત્યારે મારો વિચાર કરતા હો એમ બને અને તમે જ્યારે મારો વિચાર કરતા હો ત્યારે અનિવાર્યપણે શ્રી અરવિન્દનો વિચાર કરો છો એવું બને, જ્યારે તમે એકને જુઓ ત્યારે બીજાને અનિવાર્યપણે જુઓ છો એમ થાય, જાણે એકની એક વ્યક્તિને જુઓ છો એમ બને, ત્યારે તમને જણાઈ આવશે કે તમે અતિમાનસ શક્તિ અને ચેતના પ્રત્યે ખુલ્લા થવાની શરૂઆત કરી છે.

CWM 13 : 32

**શ્રી માતાજી**


21-2-68

The reminiscenses will be short.

I came to India to meet Sri Aurobindo.
I remained in India to live with Sri Aurobindo.
When he left his body, I continued to live here in order to do his work which is, by serving the Truth and enlightening mankind, to hasten the rule of the Divine's Love upon earth.

**૨૧-૨-૬૮**

**મારાં સંસ્મરણો ટૂંકમાં આ પ્રમાણે છે.**
**હું ભારતમાં શ્રી અરવિન્દને મળવા માટે આવી હતી. હું શ્રી અરવિન્દની સાથે રહેવા માટે ભારતમાં રહી. જ્યારે શ્રી અરવિન્દે દેહત્યાગ કર્યો ત્યારે તેઓનું કાર્ય કરવા માટે મેં અહીં રહેવાનું ચાલુ રાખ્યું. તેઓનું કાર્ય છે સત્યની સેવા તેમ જ માનવજાતિની પ્રબુદ્ધતા દ્વારા પૃથ્વી ઉપર દિવ્ય પ્રેમના સામ્રાજ્યની ઝડપથી સ્થાપના.**

CWM 13 : 45 **શ્રી માતાજી**

Do not ask questions about the details of the material existence of this body; they are in themselves of no interest and must not attract attention.


Throughout all this life, knowingly or unknowingly, I have been what the Lord wanted me to be, I have done what the Lord wanted me to do. That alone matters.



આ શરીરના સ્થૂળ અસ્તિત્વની વિગતો વિશે પ્રશ્નો પૂછશો નહિ; એ પ્રશ્નોનું પોતાનું કંઈ જ મહત્ત્વ નથી અને એ પ્રશ્નોએ કોઈનું પણ ધ્યાન ખેંચવું જોઈએ નહિ.

મારા આ સમગ્ર જીવન દરમિયાન, જાણે કે અજાણે પ્રભુ મને જે બનાવવા માગતા હતા તે જ હું બની રહી છું. પ્રભુ મારી પાસે જે કરાવવા માગતા હતા તે જ મેં કર્યું છે. એ જ એક વસ્તુ મહત્ત્વની છે.

CWM 13 : 45 **શ્રી માતાજી**



mothersriaurobindo
is my refuge

શ્રી અરવિન્દ અને શ્રી માતાજી મારું શરણ છે.

CWM 13 : 32

## માનવજાતિનો બોજો

**પ્રશ્ન :** શ્રી માતાજીએ મને જણાવ્યું છે કે યોગ્ય વલણ એ છે જેમાં તણાવ અને તંગદિલી ન હોય. જે સૂર્યપ્રકાશસભર હોય અને એટલું તો સહજ હોય કે જે રીતે પુષ્પ પ્રકાશ પ્રતિ અભિમુખ થતું હોય. આ બધું આપ જેવા અને શ્રી માતાજી જે અવતાર છે, એમને માટે બરાબર છે. પરંતુ મારા જેવી મર્ત્ય, નિર્માલ્ય વ્યક્તિ આવા અસ્પષ્ટ માર્ગદર્શનને કેવી રીતે અનુસરી શકે ? અને આ પ્રકારનું વલણ, સતત પ્રાર્થના, મુશ્કેલ એવું ધ્યાન તથા ખોટી ગતિવિધિઓનો પરિત્યાગ કરવાના સતત પ્રયત્નો વિના કેવી રીતે વિકસાવી શકાય ?

**ઉત્તર :** તમે જણાવો છો કે આ માર્ગ તમારા માટે અને તમારા જેવા અન્ય લોકો માટે ખૂબ જ મુશ્કેલ છે અને મારા જેવા તથા શ્રી માતાજી જેવા 'અવતારો' જ કરી શકે. એ એક વિચિત્ર પ્રકારની ગેરસમજ છે. ખરેખર તો એનાથી ઊલટું, આ માર્ગ સહેલામાં સહેલો, સરળમાં સરળ અને એકદમ સીધો માર્ગ છે અને કોઈ પણ વ્યક્તિ એને અનુસરી શકે છે, જો એ વ્યક્તિ પોતાનું મન તથા પોતાની પ્રાણશક્તિને શાન્ત કરી દે તો. એવા લોકો, જેમની અંદર તમારી જે ક્ષમતા છે, એનાથી દશમા ભાગની ક્ષમતા હોય, તેઓ પણ આ માર્ગને અનુસરી શકે છે. જે મુશ્કેલ છે અને જેને માટે તપસ્યાની મહત્તર શક્તિની જરૂર પડે છે, એ છે તાણ, ખેંચાણ અને સખત પ્રયત્નો માગી લેતો અન્ય માર્ગ.

*

શ્રી માતાજી અને મારે વિશે કહું તો, અમારે હરેક રીતના રસ્તા અજમાવી જોવા પડ્યા છે, હરેક રીતની પદ્ધતિઓ ચકાસી જોવી પડી છે, મુશ્કેલીઓના ગંજ પર ગંજ ઓળંગવા પડેલા છે. આશ્રમમાં અથવા તો આશ્રમની બહાર તમારે પોતાને યા તો કોઈ પણ વ્યક્તિને જે કાંઈ બોજો ઊઠાવવો પડ્યો હશે તેથી કેટલાયે ગણો વિશેષ બોજ અમારે ઊઠાવવો પડ્યો છે. અમારે તમારા બધાયે કરતાં કેટલીયે વધુ વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો છે, લડાઈઓ લડવી પડી છે, ઘા ઝીલવા પડ્યા છે, અભેદ્ય એવાં કળણો ભેદીને, રણો અને જંગલોમાં થઈને રસ્તા કાપી તૈયાર કરવા પડ્યા છે, વિરોધી બળોનાં દળોને જીતવાં પડેલાં છે. મને ખાતરી છે કે આવું કામ અમારા પહેલાં કોઈને પણ માથે આવેલું નથી. અમે ઉપાડયું છે તેવા કામમાં જોડાયેલા નેતાએ માત્ર પ્રભુને નીચે જ લઈ આવવાનું કામ કરવાનું હોતું નથી, તેમ જ તેને માટે પ્રભુના પ્રતિનિધિ તરીકેનું તથા પ્રભુને પોતામાં સાકાર કરવાનું જ એક કામ માત્ર હોતું નથી. આ ઉપરાંત આ નેતાએ માનવજાતિમાં રહેલા ઊર્ધ્વગામી તત્ત્વના પણ પ્રતિનિધિ બનવાનું રહે છે, માનવતાનો બોજ પૂરેપૂરો ઉઠાવવાનો રહે છે અને માર્ગમાં જે જે અવરોધો, મુશ્કેલીઓ અને વિરોધો ઊભા થતા રહે તે સર્વનો, કોઈ રમત યા લીલાની રીતે નહિ પણ પૂરી ગંભીર રીતે સામનો કરવાનો રહે છે. આ નેતાએ પોતાના કાર્યમાં મૂંઝવણો ઊભી થતી રહે, રુકાવટો આવે, પોતાની મહેનતને ધીરે ધીરે જ સફળતા વરે એ બધી પરિસ્થિતિ અનુભવવાની રહે છે. પરંતુ આ બધી વસ્તુઓ બીજાઓએ પણ પાછી ફરીથી પૂરેપૂરી અનુભવવી પડે એ વાત ચલાવી

લેવાય તેવી નથી તેમ જ જરૂરી પણ નથી. અમને આ વિષયનો સંપૂર્ણ અનુભવ પ્રાપ્ત થયેલો છે અને એટલા માટે જ અમે બીજાઓને એક વધુ સીધો અને વધુ સરળ માર્ગ બતાવી શકીએ છીએ — હા, લોકો એને લેવા માટે સંમત બનશે તો જ તો. આ અનુભવ મેળવવા માટે અમે એક ગંજાવર કિંમત આપી છે અને એટલે જ એના આધારે અમે તમને તેમ જ બીજાઓને ભારપૂર્વક કહી શકીએ છીએ કે, ''તમે અંતરાત્માનું ચૈત્ય વલણ ધારણ કરો, આ સીધો સૂર્ય-પ્રકાશિત-પથ લો, અને એ પથ ઉપર પ્રભુ તમને પ્રગટ યા તો ગુપ્ત રીતે ટેકો આપતા રહેશે, — એ જો ગુપ્ત રીતે ટેકો આપતા હશે તો વખત આવ્યે તે તમારી આગળ પ્રગટ પણ બનશે. પણ પેલી અટકાયતોથી ભરેલી, કઠોર, ગોળગોળ અને મુશ્કેલીઓવાળી યાત્રાનો માર્ગ લેવાનો આગ્રહ ન રાખશો.

*

શ્રી માતાજીની મુશ્કેલીઓ તે તેમની પોતાની નથી. તેઓ અન્ય લોકોની મુશ્કેલીઓને પણ સહન કરી રહ્યાં હોય છે. અને સામાન્ય કાર્યમાં તથા રૂપાંતરના કાર્યમાં રહેલી અંગભૂત મુશ્કેલીઓ પણ. પરિસ્થિતિ આના કરતાં અલગ હોત તો એ કંઈક જુદી જ વસ્તુ બની રહેત.

(CWSA 32 : 95)

*

## શ્રી માતાજી અને શ્રી અરવિન્દના માધ્યમ દ્વારા સાધના

આ એવા પ્રશ્નો છે જેનો ઉત્તર હું આપી શકું નહિ — આ પ્રકારના પ્રશ્નોના જવાબ મારે આપવાના હોય નહિ. હું એટલું જ કહી શકું કે અહીંના યોગનું છેવટનું ધ્યેય છે કે અતિમાનસ સત્યને નીચે ઉતારી લાવવું અને એના કાર્યને સુગ્રથિત કરવું. (આ સિવાયના સર્વ હેતુઓ અને અવસ્થાઓ પ્રાથમિક તેમ જ સાધન રૂપ હોય છે.) આશ્રમ એ ધારણા પર ચાલી રહ્યો છે કે સાધના મારા તેમ જ શ્રી માતાજીના માધ્યમ દ્વારા જ થવી જોઈએ અને આ ધ્યેયનો સ્વીકાર કરવામાં તથા આ સત્યના અવતરણ દ્વારા સાધક મારો તથા શ્રી માતાજીનો સ્વીકાર કરે છે અને જે વસ્તુનું અવતરણ થઈ રહ્યું હોય છે તે અમારી પાસેથી મેળવી શકે છે. એ વસ્તુ અન્ય કોઈ રીતે એ મેળવી શકે એમ નથી. જે સાધકો કોઈ અન્ય સત્યનું અનુસરણ કરે કે અન્ય સત્ય મેળવવા જેઓ માગતા હોય તો એમ કરવા તેઓ મુક્ત છે. પરંતુ અહીં (આશ્રમમાં) રહીને તેઓ એમ ન કરી શકે. કારણ, અહીં એમ કરવામાં એમને સફળતા પ્રાપ્ત થશે નહિ. અહીં કાર્ય કરતી દિવ્ય શક્તિનું ધ્યેય અન્ય સત્યનું અનુસરણ કરવાનું નથી. (CWSA 32 : 98)

*

## શ્રી માતાજી અને શ્રી અરવિન્દ પરત્વે ખુલ્લાપણું

**પ્રશ્ન :** અમે શ્રી અરવિન્દને લખી જણાવીએ કે શ્રી માતાજીને લખી જણાવીએ એ શું એકસમાન છે ? અમુક લોકો જણાવે છે કે બંને એક જ છે. એટલે અમે શ્રી અરવિન્દને લખી જણાવીએ કે પછી શ્રી માતાજીને, અમે શ્રી માતાજી પ્રતિ જ અભિમુખ છીએ એમ જ કહેવાય. શું આ સાચું છે ?

ઉત્તર : એ સાચું છે કે અમે બંને એક છીએ. પરંતુ એક સંબંધ પણ રહેલો છે, જેને લઈને વ્યક્તિએ શ્રી માતાજી પરત્વે ખુલ્લા થવાની જરૂરિયાત ઊભી થાય છે.

પ્રશ્ન : શું એ બની શકે કે એક વ્યક્તિ, જે શ્રી અરવિન્દ પ્રતિ અભિમુખ હોય તે શ્રી માતાજી પ્રતિ ખુલ્લી થયેલી ન હોય. અને જે કોઈ શ્રી માતાજી પરત્વે અભિમુખ હોય એ શ્રી અરવિન્દ પ્રતિ અભિમુખ હોય જ એવું છે ?
ઉત્તર : શ્રી માતાજી વિશેનું કથન સાચું છે. જો કોઈ વ્યક્તિ શ્રી અરવિન્દ પ્રતિ અભિમુખ હોય અને શ્રી માતાજી પ્રતિ ન હોય તો એનો અર્થ એ કે એ શ્રી અરવિન્દ પ્રતિ પણ ખરી રીતે અભિમુખ નથી.

પ્રશ્ન : શ્રી અરવિન્દ વારંવાર જણાવે છે કે : સાધકે શ્રી માતાજીની શક્તિને નિયમન કરવા દેવું જોઈએ. એનો અર્થ શું એમ થાય કે બે શક્તિઓ વચ્ચે તફાવત છે ?
ઉત્તર : શક્તિ એક જ છે, શ્રી માતાજીની શક્તિ. અથવા જો તમે આ રીતે મૂકવા માગતા હો તો : શ્રી માતાજી એ છે શ્રી અરવિન્દની શક્તિ. (CWSA 32 : 104)

## શ્રી અરવિન્દ અને શ્રી માતાજીને પુકાર કરવો

પ્રશ્ન : શ્રી માતાજી પરત્વે અભીપ્સા સેવતી વખતે તથા એમનું નામસ્મરણ કરતી વખતે આપનું નામ પણ વચ્ચે આવી જાય છે. આશ્ચર્યજનક !
ઉત્તર : તમારે હંમેશાં શ્રી માતાજી પરત્વે જ અભીપ્સા સેવવી જોઈએ. કારણ, શ્રી માતાજીની શક્તિ માત્ર તમને ઈશ્વરનો સત્ય સાક્ષાત્કાર કરાવી શકે એમ છે. તમારું મન જો બીજી રીતે કરવા માગે તો તમારે એને નિયંત્રણમાં રાખવું જોઈએ. તમારું મન કોઈ પણ પ્રકારનું જુદાપણુ મારી અને શ્રી માતાજી વચ્ચે ઊભું કરે (જેમ કે શ્રી માતાજીના નામસ્મરણને બદલે મારું નામ મૂકવું) તો તમારે તમારા મનને એમ કરવા ઉત્તેજન આપવું જોઈએ નહિ. કારણ, મન જો ભેદભાવ કરે તો આંતર અનુભૂતિમાં સ્ખલનો ઊભાં થાય.

## એમની અસરને ગ્રહણ કરવી

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની અસરને ગ્રહણ કરવા માટે શ્રદ્ધા સિવાય બીજી કોઈ શરતો નથી. આધ્યાત્મિક માર્ગના અનુસરણ માટે સંપૂર્ણ નિષ્ઠા, તેમ જ આ અસર પરત્વે પોતાની જાતને ખુલ્લી કરવાનો સંકલ્પ અને ક્ષમતા કેળવવી.

આશ્રમ બહાર રહીને પણ યોગમાર્ગનું અનુસરણ કરવું તદ્દન શક્ય છે. ઉત્તર અને દક્ષિણ ભારતમાં ઘણા લોકો છે જેઓ આશ્રમ બહાર રહે છે અને યોગ કરી રહ્યા છે.

(CWSA 32 : 106)

## શ્રી અરવિન્દ, શ્રી માતાજીની એકતાનાં દર્શનો, સ્વપ્નાંઓ અને અનુભૂતિઓ

શ્રી માતાજી અને હું બે સ્વરૂપોમાં એક સમાન શક્તિનું પ્રતિનિધિત્વ કરીએ છીએ – એટલે સ્વપ્નમાં તમને જે સમજ પ્રાપ્ત થઈ હતી તે પૂરેપૂરી રીતે ન્યાયસંગત છે. ઈશ્વર-શક્તિ, પુરુષ-પ્રકૃતિ, એક ઈશ્વરની બે બાજુઓ છે. (Brahman) 1933

મારી અને શ્રી માતાજીની એકરૂપતાની અનુભૂતિ એ એકદમ સામાન્ય અનુભવ છે. (અમે બંને એક છીએ એ વિશેની સમજ) એની અભિવ્યક્તિ થતી હોય છે, બે પ્રતિમાઓ એકબીજામાં ઓગળી જતી હોય એ રૂપે. 4 November 1935

પ્રશ્ન : મારી અનુભૂતિમાં મેં શ્રી માતાજીને જમણી બાજુએ તથા આપને ડાબી બાજુએ ઊભેલાં જોયાં. એનું કંઈ સાંકેતિક મહત્ત્વ છે ખરું ?


ઉત્તર : હા, શ્રી માતાજી અમલ કરનારી શક્તિ છે એટલો એમનો જમણો હાથ કાર્ય કરવા છૂટો રહેવો જ જોઈએ. જે પ્રતીકાત્મકતા શ્રી માતાજીને ડાબી બાજુએ મૂકે છે એ છે અજ્ઞાનનું પ્રતીક. અજ્ઞાનાવસ્થામાં શ્રી માતાજી ડાબી બાજુએ દેખાય છે, પોતાના કાર્યમાં મુક્ત નહિ. એ સર્વ, કાં ખોટું કાર્ય દર્શાવે છે કે પછી અડધું પરિણામ દર્શાવે છે. અતિમાનસ કાર્ય માટે સાચું પ્રતીક છે, શ્રી માતાજીનું જમણી બાજુએ હોવું તે. (CWSA 32 : 126)

*

*હે પ્રભુ ! હું ફક્ત તને જ ચાહું છું અને માટે જ સર્વમાં તેમ જ પ્રત્યેક વ્યક્તિમાં રહેલા તને જ, માત્ર તને જ હું ચાહું છું; અને તેઓની અંદર રહેલા તને ચાહીને જ હું તેઓને તારા વિશે થોડા સભાન બનાવીશ.*

*તેઓને માટે કોઈ પણ જાતના આગ્રહો કે અવરોધો વગર કઈ રીતે પ્રભુનો પ્રેમ પ્રાપ્ત કરવો એ જાણવું એ જ સાચી વસ્તુ છે. પરંતુ તેઓને પોતાની રીતે જ પ્રેમ પ્રાપ્ત કરવો છે એટલું જ નહિ, તેઓને એ પ્રેમ પ્રત્યે ખુલ્લા થવાની પણ ઈચ્છા નથી; સિવાય કે એ પ્રેમ તેમને તેઓની પોતાની પસંદગીના માધ્યમ દ્વારા પ્રાપ્ત થાય.... અને પછી જે વસ્તુ થોડા કલાકોમાં, થોડા મહિનાઓ કે થોડાં વર્ષોમાં થઈ શકે તે કરી શકવા માટે સદીઓનો સમય લાગી જાય છે.*

(CWM : 13 : 83-84)



**હું એકમાત્ર શ્રી અરવિન્દની જ શક્તિ છું અને મારાં સર્વ બાળકોની ‘મા’ છું.**

**મારાં સર્વ બાળકો મારી આત્મસત્‌તા અને મારી ચેતનાના એકસમાન રીતે ભાગ રૂપ છે. તેઓ જ્યારે રૂપાંતર પામીને પોતાના અંતરતમ સત્યનો સાક્ષાત્કાર કરશે ત્યારે પ્રત્યેકને મારા તેમ જ શ્રી અરવિન્દના કોઈ અંશને અભિવ્યક્ત કરવાનો અધિકાર પ્રાપ્ત થશે.**

**એક સર્વસાધારણ આવિર્ભાવના પારસ્પારિક અવલંબનમાં સર્વની એકતા જ પૃથ્વી ઉપર નૂતન અને દિવ્ય જગતના સર્જનને અનુમતિ આપશે. પ્રત્યેક (બાળક) પોતાનો હિસ્સો લઈ આવશે; પરંતુ કોઈનો પણ હિસ્સો આપમેળે પૂર્ણ નહિ હોય – સિવાય કે સમગ્રના પારસ્પારિક અવલંબનમાં પ્રત્યેક એક શક્તિ રૂપે હોય.**

**(વર્ષ ૧૯૨૭ આસપાસ આ લખાણ શ્રી અરવિન્દે લખ્યું હતું.)**

CWSA 32 : 84

**શ્રી અરવિન્દ**

# શ્રી અરવિન્દની શક્તિ

**સમતુલા લાવવા માટે બે રૂપોમાં એ જ ચેતના**

..... તાત્ત્વિક રીતે અમે સાચે જ એક છીએ, એ જ છીએ. કોઈ તફાવત છે જ નહિ. આવિર્ભાવમાં બે રૂપોમાં એક જ ચેતના, એકબીજાને આધાર આપવા માટે. સૃષ્ટિમાં સમતુલા માટે આ ભેદ જરૂરી છે; પરંતુ આવિર્ભાવની બહાર.... કોઈ ભેદ છે નહિ, એકતા સંપૂર્ણ છે. એ છે એક અથવા અનન્ય – એક ચેતના. અને ક્યારેક, જરૂર પડે તો એ એકતા આવિર્ભાવમાં પણ નજરે પડે છે. વ્યક્તિ જ્યારે આ ચેતના, એક અને અનન્ય પ્રતિ પોતાની જાતને ખુલ્લી કરે છે ત્યારે તે આ એકતાને જોઈ શકે છે, અનુભવી શકે છે. વાસ્તવિકતામાં એ તે જ છે.... એ શું છે તેનું વર્ણન વ્યક્તિ કરી શકે નહિ. એ માત્ર જીવી જ શકાય. એકાગ્રતા દ્વારા તેમ જ ખુલ્લા રહેવાથી વ્યક્તિ આ અનુભૂતિ કરી શકે છે. એ એવી કોઈ વસ્તુ નથી જેની રચના મને કરી હોય. આ પ્રદેશમાં મન પહોંચી શકતું નથી.

*

ખરું જોતાં, શ્રી અરવિન્દ અને હું એક જ છીએ, એક જ ચેતના. અહીં, નીચેની ભૂમિકાએ ભેદ છે. અને એ ભેદ તે માત્ર સૃષ્ટિમાં સમતુલા લાવવા માટે જ છે. એ સિવાય ચેતના એક જ છે, અમે સાચે જ એક છીએ. ના, એને અભિવ્યક્ત કરવું એ ખૂબ જ મુશ્કેલ છે. મને શબ્દો જડતા નથી. ના, એ શક્ય જ નથી, અભિવ્યક્તિ શક્ય જ નથી. એને અભિવ્યક્ત કરી શકાય જ નહિ.....

તમે સમજો છો, આવિર્ભાવની બહાર સર્વ એક જ છે. ત્યાં તફાવત નથી. એ એ જ વસ્તુ છે, એક ચેતના, સંપૂર્ણ એકતા. આપણું અલગ અસ્તિત્વ છે જ નહિ, પરંતુ આપણે જ્યારે અહીં, નીચેની ભૂમિકાએ ઊતરી આવીએ છીએ ત્યારે આપણાં રૂપો અલગ હોય છે, આપણું અલગ અસ્તિત્વ હોય છે. અને જરૂર પડ્યે આપણે એક બની રહીએ છીએ. અમુક સમયે તેઓ (શ્રી અરવિન્દ) વિશ્વમાં સર્વત્ર વ્યાપ્ત હોય છે ત્યારે, એ જ સમયે મારી સાથે એકરૂપ થયેલા હોય છે. તેઓ અહીં, મારી અંદર રહેલા છે. તેઓ મારી સાથે વાતો કરે છે. તેઓ પોતાને મારી સાથે એકરૂપ કરી દે છે. અને અમુક સમયે તેઓ મારાથી અલગ હોય છે અને મારાથી અલગ એવું જીવન જીવતા હોય છે. અને સાથોસાથ, એકી સમયે તેઓ મારી અંદર પણ હોય છે. પરંતુ દેખીતી રીતે તેઓ મારાથી અલગ હોય છે. એ છે એક ખેલ, લીલા, જે પ્રગટ થઈ રહી છે : એક સમયે તેઓ મારી સાથે એક થાય છે તો અન્ય સમયે તેઓ પોતાની જાતને આવિર્ભાવમાં ગરકાવ કરી દે છે. શ્રી અરવિન્દ અહીં છે (શ્રી માતાજી પોતાનો દેહ દર્શાવે છે), તેઓ ત્યાં છે, તેઓ વિશ્વમાં સર્વત્ર છે. આવિર્ભાવમાં દષ્ટિગોચર થતી સર્વ વસ્તુમાં તેઓ રહેલા છે. અમુક સમયે તેઓ પોતાને પ્રકટ કરે છે તો અમુક સમયે તેઓ છુપાયેલા રહે છે

અને પછી આપણે એમને જોઈ શકતા નથી. અને આ જ રીતે તેઓ સૃષ્ટિને ટકાવી રાખે છે. એક સમયે તેઓ પોતાની જાતને સૃષ્ટિ સાથે એકરૂપ કરી લે છે અને બીજે સમયે જ્યારે જરૂર પડે ત્યારે એ પોતાની જાતને અલગ કરી લે છે. બંને એકબીજામાં ભળી જાય છે, અને હેતુસર ભળી જાય છે. હેતુ સહિત તેઓ (પ્રભુ) પોતાનાં કાર્યોનું નિર્માણ કરે છે. તેઓ અહીં છે અને ત્યાં પણ તમે એમને જ જુઓ છો, એકી વખતે, એક સમયે. તેઓ.... ના, એની અભિવ્યક્તિ કરવી ખૂબ જ મુશ્કેલ છે. ના, એને માટે શબ્દો છે જ નહિ, એ શું છે તે મન દ્વારા વ્યક્તિ સમજી શકે જ નહિ. (Blessings of the Grace, P. 98)

*

## શ્રી અરવિન્દ સર્વત્ર છે

તમે જાણો છો, શ્રી અરવિન્દે જ્યારે દેહત્યાગ કર્યો.... તેઓ જ્યારે પોતાનો દેહ છોડી દેવા માગતા હતા ત્યારે ૫ ડિસેમ્બરથી ૯ ડિસેમ્બર સુધી તેઓ રહ્યા હતા.... એ સમય દરમિયાન તેઓ અકલ્પનીય ચેતનાથી સભર હતા. એમના દેહમાંથી ચેતનાની સક્રિય પ્રવૃત્તિ પ્રસરી રહી હતી. એ એટલું તો સઘન, એટલું શારીરિક હતું કે એમની અંદરનું સર્વ કંઈ આશ્ચર્યકારક શક્તિ વડે આંદોલિત થઈ રહ્યું હતું. એ ભૌતિક રીતે એટલું તો સઘન હતું.... તે સમયે હું એમના પલંગની બાજુમાં જ ઊભી હતી. અને હું એ જોઈ રહી હતી કે શ્રી અરવિન્દ સભાનપણે પોતાનામાંથી બહાર નીકળી રહ્યા હતા અને સીધા મારી અંદર પ્રવેશી રહ્યા હતા, આ રીતે, શારીરિક રીતે, એ અસાધારણ ઘટના હતી. મારી ચેતનામાં એમની ચેતના પ્રવેશી રહી હતી તે હું અનુભવી શકતી હતી, મારી ચેતનામાં એ ચેતના રેડાતી હતી તેનું ઘર્ષણ પણ અનુભવી શકાતું હતું. એ એટલું બધું સઘન હતું. એમાં એટલી તો ઉત્કટતા હતી કે એ મારી અંદર, મારી ચેતનાને ભેદીને અંદર એ રીતે ઊંડે ઊતરતું હતું કે એનું ઘર્ષણ હું અનુભવતી હતી. એ સંપૂર્ણપણે બાહ્ય પ્રકારની ક્રિયા હતી, ભૌતિક ક્રિયા. એ પ્રમાણે તેમની સમગ્ર ચેતના મારામાં પ્રવેશી ગઈ હતી, કારણ એ એકસમાન ચેતના જ છે.

અને જતાં પહેલાં તેઓએ મને સર્વ કંઈ આપી દીધું હતું. સર્વ કંઈ, સર્વ કંઈ, નિરંકુશપણે તથા સંપૂર્ણ સ્વાર્પણ સહિત. જાણે કે એમની સમગ્ર ચેતના મારી અંદર ઓગળી ગઈ હતી. અને એ પ્રક્રિયા કલાકોના કલાકો સુધી ચાલુ રહી હતી. આહ ! એ એવી તો ભૌતિક ઘટના હતી કે કોઈ એની કલ્પના પણ કરી શકે નહિ. હું એનું વર્ણન કરી શકું નહિ.... તેઓ સર્વ કંઈ મારે માટે મૂકી ગયા છે. (Blessings of the Grace, PP. 98-102)

*

## કાર્ય એકસમાન જ છે

**પ્રશ્ન :** માતાજી, આપ શ્રી અરવિન્દને વિશે માહિતગાર થયાં તે અગાઉ આપે એમની સાથે કોઈ સંદેશાની આપ લે કરી હતી ? મેં અમુક પુસ્તકોનું વાચન કર્યું છે જેમાં જણાવાયું છે કે આપ તથા શ્રી અરવિન્દે એકસમાન કાર્ય જ કર્યું છે.

ઉત્તર : કાર્ય એકસમાન જ હતું અને છે પણ, કારણ મારી તથા એમની પ્રેરણાનો સ્રોત સમાન જ છે : પરમાત્મા.

ડિસે. ૧૦ ૧૯૬૭, Blessings of the Grace

(શ્રી માતાજીના અન્ય એક પત્ર ઉપરથી)

કાર્ય છે સમગ્ર માનવજાતિને નૂતન સર્જન, એટલે કે અતિમાનસ માનવજાતિ માટે તૈયાર કરવામાં મદદ કરવી.

મે ૧૯, ૧૯૬૮

*

શ્રી માતાજી આ પુસ્તકમાંનુ છેલ્લું વાક્ય રસપૂર્ણ છે, હૃદયસ્પર્શી છે.

**તેમના વિના મારું કોઈ અસ્તિત્વ નથી,**
**મારા વિના તેમનો આવિર્ભાવ નહિ થાય.**

તમે જાણો છો, આ સંપૂર્ણ સત્ય છે. પુસ્તકમાં મેં એ કઈ રીતે રજૂ કર્યું છે તેનો મને ચોક્કસ ખ્યાલ નથી, પરંતુ તેમના વિના મારું અસ્તિત્વ સંભવી શકે નહિ અને મારા વિના તેમનો આવિર્ભાવ થઈ શકે નહિ. એક, અન્ય માટે પૂરક છે. પરંતુ સત્ય એ છે કે અમે બંને એક જ છીએ, એક જ. એ એક જ વસ્તુ છે, એક જ હસ્તી છે, જે આવિર્ભાવમાં બે અલગ રૂપો ધારણ કરે છે, સૃષ્ટિને ટકાવી રાખવા માટે. એના સિવાય એ એક જ છે — હું અને તેઓ. એમાં કોઈ તફાવત નથી, કોઈ જુદાઈ નથી, કોઈ ભેદ નથી, એક, અનન્ય અને એકસમાન. તેઓ જે છે, તે હું છું, તાત્ત્વિક રીતે, સમગ્રતયા. એ આના જેવું છે (શ્રી માતાજી બંને હાથની આંગળીઓ એકબીજામાં પરોવે છે) અમે એકરૂપ છીએ, એક, ભેદ રહિત....

(Blessings of the Grace, PP. 104-05)

*

માત્ર એક જ વસ્તુ માટે હું પૂરેપૂરી નિશ્ચિંત છું અને એ છે : 'હું કોણ છું'. શ્રી અરવિન્દ પણ એ જાણતા હતા અને તેઓએ એ વસ્તુ જાહેર કરેલી છે. સમગ્ર માનવજાતિની શંકા આ હકીકતમાં કોઈ ફેરફાર કરી શકશે નહિ.

પરંતુ બીજી હકીકત વિશે હું પૂરેપૂરી નિશ્ચિંત નથી — એ છે મારા શરીરમાં રહેવાની ઉપયોગિતા, હાલ હું જે કાર્ય કરી રહી છું તેની ઉપયોગિતા વિશે. આ કાર્ય જે હું કરી રહી છું તે મારી વ્યક્તિગત ઇચ્છાની પરિપૂર્તિ માટે નથી કરી રહી. શ્રી અરવિન્દે મને એમ કરવા જણાવ્યું હતું અને તે મુજબ પરમ પ્રભુના આદેશના અનુસરણમાં હું આ કાર્ય એક પવિત્ર ફરજ તરીકે કરી રહી છું.

પૃથ્વીએ આ કાર્યથી કેટલો લાભ મેળવ્યો છે એ તો સમય જ દર્શાવશે. (CWM 13 : 47)

*

મા – શ્રી અરવિન્દ, મા – શ્રી અરવિન્દ

પરંતુ મા, શ્રી અરવિન્દ હંમેશાં કહેતા કે ''તમે'', ''તમે'' જ અમારી અંદર વિરાજમાન છો.

હા, તે સાચું છે, તદ્દન સાચું.

હું, હું ત્યાં એક ''શાશ્વત જ્યોતિ'' મહીં ''ઉપસ્થિતિ'' રૂપે હાજરાહજૂર છું, હું જ ''શક્તિ'' રૂપે કાર્યને સંચાલિત કરી આરંભું છું. હું જ ''શાંતિ'' રૂપે સર્વ માધુર્ય અને શાંતિને પ્રસરાવું છું, હું જ ''આનંદ'' રૂપે છલકાવીને કાર્યને ઊર્ધ્વગામી કરું છું, ''પ્રકાશ'' રૂપે વિશુદ્ધિ કરું છું, હું જ ''સ્પંદન'' રૂપે અનુમતિ આપું છું.

શ્રી અરવિન્દ ત્યાં એક આધારરૂપ ''હસ્તી'' છે, અને હું ત્યાં ''માર્ગદર્શક'' રૂપે. વાસ્તવમાં એક જ તત્ત્વ દ્વૈતરૂપે છે. ''એક'', ''સાક્ષીરૂપ'' છે જે નિરીક્ષણ કરે છે અને બીજું ''શક્તિસ્વરૂપ'' છે — જે કાર્યસાધક છે.

જ્યાં સુધી આ વસ્તુની અનુભૂતિ વ્યક્તિને થતી નથી ત્યાં સુધી તે કશું જ સમજી શકતો નથી.

ગમે તે હોય, તારી કૃતજ્ઞતાનો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો છે. ''તેમણે'' તારી પ્રાર્થના સાંભળી છે અને તને મારા આશીર્વાદ આપું છું.

હા, મારા બાળક, જેઓ શ્રી અરવિન્દ અને મને પિછાની લે છે — વાસ્તવમાં તે એક જ વસ્તુ અભિન્ન છે, — તેને માટે સત્ય પ્રતિની કૂચ વચ્ચે આવતી સર્વ રૂકાવટો, મુશ્કેલીઓ, ફંદાઓ — જંજાળો, કહેવાતી બધી જ અડચણોને સાફ કરી દેવામાં આવે છે અને સદાને માટે દૂર કરી દેવામાં આવે છે — આ જન્મમાં તેમ જ મૃત્યુ બાદ પણ અને આવનાર જન્મો સુધી — શાશ્વતકાળ સુધી.

હા, તેને માટે ''પ્રભુ'' શ્રી અરવિન્દ સર્વશક્તિમાન છે.

બસ રટણ કરવાનું છે.

''મા — શ્રી ઑરોબિન્દો, મા — શ્રી ઑરોબિન્દો''... (ધ્યાનસ્થ)

આટલું પૂરતું છે. (ધ્યાનસ્થ)

(પરમ : પૃ. ૮૨–૮૪)

*

હું માત્ર કાર્ય કરવા માટે જ રહી છું

ઊર્ધ્વમાંથી કાર્ય કરીને આ બધી વસ્તુઓ પર વ્યક્તિ નિયંત્રણ કેળવી શકે છે, એમને એમના સ્થાનમાં પકડી રાખી શકે છે. એ વસ્તુઓને કોઈ દુઃખદાયી આરંભ કરતાં રોકી શકે છે, પરંતુ તે એ વસ્તુ નથી.... રૂપાંતર કરવું એટલે રૂપાંતર જ કરવું.

સ્વામિત્વ પણ પ્રાપ્ત કરી શકાય — ઊર્ધ્વમાંથી આમ કરવું તે તદ્દન સહેલી વાત છે. પરંતુ રૂપાંતર માટે વ્યક્તિએ અવતરણ કરવું પડે, નીચે ઊતરવું પડે. અને એ ભયંકર છે.... એમ ન

કરવામાં આવે તો અવચેતન કદાપિ રૂપાંતરિત થાય જ નહિ, એ જેવું છે તેવું જ રહેશે....

કાર્ય માટે અહીં રહેવાનું જરૂરી ન હોત તો મેં પણ શ્રી અરવિન્દની સાથે જ દેહત્યાગ કરી દીધો હોત... માત્ર કાર્ય માટે જ હું અહીં રહી છું. કારણ કાર્ય તો કરવાનું હતું જ તથા શ્રી અરવિનદે મને એ કાર્ય કરવાનું જણાવ્યું હતું અને હું તે કરી રહી છું. નહિ તો વ્યક્તિ જ્યારે પૂરેપૂરી માત્રામાં સભાન હોય છે ત્યારે દેહ વગરની અવસ્થામાં એ ખૂબ જ ઓછી મર્યાદિત હોય છે, ઓછી સીમિત હોય છે. સો જુદી જુદી જગ્યાએ વ્યક્તિ એકસાથે સો માણસોને મળી શકે; જે રીતે શ્રી અરવિન્દ હાલ કરી રહ્યા છે તે જ પ્રમાણે.

(The Mother : Conversations with a disciple : February 18, 1961)

*

## શ્રી અરવિન્દ સાથે એકતાની ઝંખના કરતા કોશોનો આનંદ

થોડા મહિનાઓ અગાઉ આ શરીર જ્યારે ફરી એક વખત યુદ્ધભૂમિ બની ગયું હતું અને વિઘ્નો સામે લડી રહ્યું હતું, એને જ્યારે સહેજ માટે લટકતું રાખવામાં આવ્યું હતું, દૂર કરી દેવામાં આવ્યું હતું. એને જણાવવામાં આવ્યું હતું શું તું.... તે વખતે એ બુદ્ધિગમ્ય રીતે નવાઈ પામીને વિચારી રહ્યું ન હતું; પરંતુ એક પ્રકારની ઇન્દ્રિય સમજ પ્રાપ્ત કરવા માગતું હતું. એ 'કંઈક'નો સ્પર્શ ઝંખતું હતું. એને આશ્ચર્ય થતું હતું કે પોતે કઈ દિશામાં જઈ રહ્યું છે. વસ્તુઓ કઈ દિશા પ્રતિ ઢળશે અને એકાએક સર્વ કોશોમાં આ પ્રકારની લાગણી હતી (અને એ લાગણી ક્યાંથી આવી હતી તે પણ હું જાણું છું.) 'અમને જો આ મિશ્રણમાંથી દૂર કરી દઈ ઓગાળી દેવામાં આવશે, આ યંત્રને જો વિખેરી નાખવામાં આવશે, અને એ પછી ચાલી શકશે નહિ તો પછી અમે સર્વ (કોશો) સીધા, સીધા બાણ માફક – એ એક અદ્‌ભુત જ્યોતિ સમાન હતું – સીધા જ અતિમાનસિક જગતમાં શ્રી અરવિન્દ સાથે પુનઃ જોડાઈ જવા પહોંચી જઈશું. એ અતિમાનસિક જગત અહીં આપણી સમક્ષ જ રહેલું છે. અને એ કોશોમાં એવો તો આનંદ હતો ! એવો તો ઉત્સાહ, એ આનંદથી બધા જ કોશો તરબોળ થઈ ગયા હતા ! એ લોકોને અલગ કરી નાખવામાં આવશે કે કેમ એની તેઓને સહેજ પણ પરવા ન હતી.... 'ઓહ', એમની લાગણી તો હતી : 'તેથી શું !' ('So What !')

શરીરને પ્રબોધિત (પ્રકાશિત) કરવાના કાર્યમાં આ સાચે જ એક નિર્ણાયક અવસ્થા હતી.

કોશોને ઓગાળી નાખવાનો પ્રયત્ન કરનાર મૂર્ખ શક્તિ કરતાં સર્વ કોશો, પોતે વધુ શક્તિશાળી છે એમ અનુભવતા હતા. જેને મૃત્યુ કહેવાય છે તેણે એ કોશોને પૂરેપૂરા બેપરવાહ બનાવી દીધા હતા : ''અમને શેની ચિંતા છે ? અમે ત્યાં (અતિમાનસિક) જગતમાં જઈશું અને શ્રી અરવિન્દના કાર્યમાં ભાગ લઈશું, જગતના રૂપાંતરના કાર્યમાં અમે સામેલ થઈશું. એક યા બીજી રીતે, – અહીં, ત્યાં, આ રીતે, પેલી રીતે – કાર્ય કરીશું – એનાથી શું ફેર પડે છે !'' અને એ ત્યારે જ્યારે પરમાત્મા પાસેથી મને આદેશ પ્રાપ્ત થયો હતો, જેઓ અહીં જ હતા,

આટલા નજીક (શ્રી માતાજી પોતાના મુખ પર દબાણ મૂકે છે) પરમાત્માએ મને જણાવ્યું હતું 'આ વચન આપવામાં આવ્યું છે, હવે કાર્ય સિદ્ધ થવું જ જોઈએ' અને પરમાત્માને જે અભિપ્રેત હતું તે વ્યક્તિગત નહિ, સામૂહિક કર્મ. એટલે સ્વાભાવિક રીતે, જે રીતે એ કાર્ય આવી પડ્યું હતું એટલે સુખપૂર્વક એ સ્વીકારી લેવામાં આવ્યું હતું. અને તુર્ત જ અમલમાં પણ મૂકવામાં આવ્યું હતું....

શ્રી અરવિન્દે લખ્યું છે : હું આ કાર્ય વ્યક્તિગત રીતે મારે માટે કરતો નથી, સમગ્ર પૃથ્વી માટે હું આ કાર્ય કરું છું — પરંતુ આહ ! પેલી અનુભૂતિ ! પછી મારે માટે કોઈ વસ્તુ મહત્ત્વની રહી ન હતી : લોકો, પૃથ્વી — પૃથ્વીનું પણ કંઈ જ મહત્ત્વ રહ્યું ન હતું.

(The Mother : Conversations with a disciple : July 15, 1961)

*

તમે A.G.[૧] અને મીરા વચ્ચે વધુ પડતું અક્કડ એવું જુદાપણું માની લેશો તો તે એક ભૂલ લેખાશે. સાધનાના સંપૂર્ણ વિકાસ માટે બંનેની અસરો જરૂરી છે. બંનેનું ભેગું કાર્ય જ માત્ર ભૌતિક સ્તરે અતિમાનસ સત્યને નીચે ઊતારી લાવે છે. A.G. પ્રકાશિત મન દ્વારા મનોમય અને પ્રાણમય સ્વરૂપ ઉપર સીધેસીધું કાર્ય કરે છે; તેઓ પુરુષ તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે, જેમનું બળ મુખ્યત્વે પ્રકાશિત જ્ઞાનમાં રહેલું છે. (પ્રેરણા, અતિમાનસ કે આધ્યાત્મિક) તથા એ જ્ઞાનમાં કાર્ય કરતી શક્તિ. અને ચૈત્યપુરુષ આ કાર્યને ટેકો આપે છે તથા શારીરિક અને પ્રાણમય ભૂમિકાઓનું રૂપાંતર કરવામાં મદદ કરે છે. મીરા પ્રકાશિત ચૈત્ય ચેતના દ્વારા ચૈત્ય તેમ જ લાગણીશીલ પ્રાણમય સ્વરૂપ અને શારીરિક સ્વરૂપ ઉપર સીધેસીધું કાર્ય કરે છે; જ્યારે અતિમાનસ સ્વરૂપની પ્રકાશમાન પ્રેરણાઓ મીરાને જરૂરી જ્ઞાન પ્રદાન કરે છે, જેથી યોગ્ય ક્ષણે યોગ્ય દિશામાં એ કાર્ય કરી શકે. મીરાની શક્તિ દૈવીશક્તિની પ્રતિનિધિ શક્તિ છે એ છે સીધેસીધી ચૈત્ય, પ્રાણમય, શારીરિક. અને એમનું આધ્યાત્મિક જ્ઞાન મુખ્યત્વે વ્યવહારુ પ્રકારનું હોય છે. (Sri Aurobindo, Mother India, December 1970, P.613)

*

## હું અને શ્રી અરવિન્દ એક છીએ

હવે તમે એક વસ્તુ યાદ રાખો. શ્રી અરવિન્દ અને હું પોતે એક જ છીએ. અને એક જ ચેતના છીએ. એક અને તેની તે વ્યક્તિ. ફક્ત જ્યારે આ હાજરી જે એક જ છે, તે તમારી વ્યક્તિગત ચેતનામાં થઈને પસાર થાય છે, ત્યારે તે એક સ્વરૂપ ધારણ કરે છે, એક દેખાવ ધારણ કરે છે જે તમારી પ્રકૃતિ અનુસાર, તમારી અભીપ્સા અનુસાર, તમારી જરૂરિયાત અનુસાર અને તમારા સ્વરૂપના વિશિષ્ટ વલણ અનુસાર જુદા જુદા હોય છે. તમારી વ્યક્તિગત

---

(૧) વર્ષ ૧૯૨૦ સુધી શિષ્યો શ્રી અરવિન્દના નામને સ્થાને આ સંક્ષિપ્ત રૂપનો ઉપયોગ કરતા હતા. પાછળથી શ્રી માતાજીએ જણાવ્યું હતું કે શ્રી અરવિન્દનું નામ એ જાતે જ એક મંત્ર છે.

ચેતના એક ગળણી જેવી, એક દર્શક જેવી હોય છે. જો હું તે પ્રમાણે કહી શકું તો : તે એક પસંદગી કરે છે અને દિવ્ય શક્યતાઓની અનંતતાની એક શક્યતા નક્કી કરે છે. વાસ્તવિક રીતે, પ્રભુ દરેક વ્યક્તિને તે તેમની પાસે જે પ્રકારની માગણી કરે છે તે પ્રમાણે જ બરાબર આપે છે. જો તમે એમ માનો કે પ્રભુ તમારાથી દૂર દૂર છે અને તે ઘાતકી છે, તો તે તમારાથી દૂર દૂર અને ઘાતકી જ રહેશે, કારણ કે તમારા અંતિમ શુભને માટે એ જરૂરી હશે કે પ્રભુનો ક્રોધ તમે અનુભવો; કાલીના પૂજકો માટે તે કાલી હશે અને ભક્તને માટે તે પરમાનંદ હશે. જ્ઞાનની શોધ કરવા માટે તે સર્વજ્ઞ હશે, માયાવાદી માટે તે અવૈયક્તિક પરમ તત્ત્વ હશે; નાસ્તિક માટે તે નાસ્તિક હશે અને પ્રેમી માટે પ્રેમ હશે. શ્રદ્ધાવાન સાથે કાયમ તે ભ્રાતૃભાવવાળો નજીકનો મિત્ર હશે અને તેને મદદ કરવા માટે તે તૈયાર હશે, જેઓ તેનો આંતરિક માર્ગદર્શક તરીકે દરેક ગતિમાં અને દરેક ક્ષણે અનુભવ કરશે. અને જો તમે એવી માન્યતા રાખશો કે તે બધી વસ્તુઓને ભૂંસી નાખી શકે છે, તો તે તમારા બધા દોષોને, તમારી બધી ભૂલોને અથાક રીતે ભૂંસ્યા જ કરશે અને તમે તેની અનંત કૃપાનો દરેક ક્ષણે અનુભવ કરી શકશો. તમારી ઊંડામાં ઊંડી અભીપ્સામાં તમે પ્રભુ વિશે જે ધારશો તે ખરેખર તે હશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૫૨-૫૩)

*આ યોગમાં માત્ર એક જ પદ્ધતિ છે. તમારી જાતને એકાગ્ર કરીને — આ એકાગ્રતા હૃદયમાં કરવી વધુ ઠીક છે — શ્રી માતાજીની શક્તિનું અને તેમના સાંનિધ્યનું આવાહન કરો અને તેને પ્રાર્થના કરો કે તેઓ તમને પોતાના હાથમાં લઈ લે અને તેમની શક્તિના કાર્ય દ્વારા તમારી ચેતનાનું રૂપાંતર સાધી આપે. મસ્તકની અંદર યા તો ભ્રમરની વચ્ચે પણ એકાગ્રતા કરી શકાય છે. પણ ઘણા લોકો આરંભમાં આ વસ્તુ કરી શકતા નથી. તેમને તે ઘણું કઠણ લાગે છે. આવી એકાગ્રતાને પરિણામે મન જ્યારે તદ્દન શાંત પડી જાય, એકાગ્રતા ખૂબ જ જોરદાર બનવા માંડે અને અભીપ્સા તીવ્ર બનવા લાગે ત્યાર પછી અનુભૂતિનો આરંભ થાય છે. શ્રદ્ધા જેટલી વધુ તેટલું પરિણામ પણ વધુ ઝડપી બનવા સંભવ છે. આથી આગળની વસ્તુઓ માટે સાધકે કેવળ પોતાના જ પુરુષાર્થ પર આધાર રાખવાનો નથી. સાધકે પ્રભુની સાથે સંબંધ સ્થાપવાનો છે અને શ્રી માતાજીની શક્તિ અને સાંનિધ્યને ઝીલવા માટેની શક્તિ મેળવવામાં સફળ થવાનું છે.*

*(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ પૃ. ૨૨થી ૨૩)*

# શ્રી માતાજીને શરણે જવું

**શ્રી માતાજીનાં સાચાં બાળક બની રહેવાનો પ્રયત્ન કરો.**

તમે શ્રી માતાજીનાં બાળક છો અને શ્રી માતાજીનો પ્રેમ એમનાં બાળકો માટે નિઃસીમ છે. શ્રી માતાજી એમનાં બાળકોની પ્રકૃતિના દોષોને ધીરજપૂર્વક સહી લે છે. શ્રી માતાજીનાં સાચાં બાળક બની રહેવાનો પ્રયત્ન કરો, એ બાળક તમારી અંદર જ રહેલો છે. પરંતુ તમારું બાહ્ય મન, ક્ષુદ્ર વસ્તુઓમાં રાચતું રહે છે અને ઘણી વાર એ નાની વાતો માટે આવેશપૂર્વક ગરબડ કરતું રહે છે. તમે શ્રી માતાજીને સ્વપ્નામાં જુઓ તે પૂરતું નથી. પરંતુ તેઓને સર્વ સમયે તમારી અંદર અને તમારી આજુબાજુ અનુભવતા તમારે શીખવાનું છે. આમ થશે પછી તમને તમારી જાતને નિયંત્રણમાં રાખવાનું અને એનું પરિવર્તન કરવાનું સહેલું લાગશે. — કારણ કે તેઓ ત્યાં (તમારી અંદર) રહેલાં હોઈ તમારે માટે એ વસ્તુ તેઓ કરી આપશે.

(CWSA 32 : 452-53)

*

**પ્રશ્ન :** શ્રી માતાજીની સંનિધિ ન હોય ત્યારે સાધક એકલતા અનુભવે છે. એ જ રીતે પોતાના બાળકની ગેરહાજરીમાં શ્રી માતાજી પણ એકલતા અનુભવે છે ખરા ? માનવ માતા પોતાના બાળકની ગેરહાજરીમાં જે રીતે દુઃખી થતી હોય છે તેના કરતાં વધુ દુઃખ શ્રી માતાજી અનુભવે છે ખરાં ?

**ઉત્તર :** પરિસ્થિતિ એમ હોય તો શ્રી માતાજીએ સર્વ સમય લાખગણાં દુઃખોની ગહન અવસ્થામાં જ રહેવું પડે — કારણ માત્ર સાધકો માટે જ શા માટે એમણે દુઃખી થવું જોઈએ ? પ્રત્યેક આત્મા, જે અજ્ઞાનમાં ભટકતો રહે છે એના માટે શા માટે એમણે દુઃખી ન થવું જોઈએ ? શ્રી માતાજીની સંનિધિ ન અનુભવાય ત્યારે બાળકે દુઃખી થવું એ જરૂરી નથી. એણે શ્રી માતાજી જ્યારે બોલાવે ત્યારે એમની પાસે પાછા આવી જવું જોઈએ. (CWSA 32 : 453)

*

**આંતરિક સામીપ્ય અને શારીરિક નજીકતા**

જે લોકો શ્રી માતાજી પ્રતિ ખુલ્લા છે, પોતાના આંતર સ્વરૂપમાં શ્રી માતાજીની સમીપ છે, શ્રી માતાજીના સંકલ્પ સાથે એકરૂપ છે, તેઓ છે શ્રી માતાજીનાં બાળકો, અને તેઓ એમની ખૂબ જ નજીક હોય છે — જે લોકો શારીરિક રીતે એમની નજીક છે તેઓ નહિ.

(CWSA 32 : 497)

**પ્રશ્ન :** એક વખત આપે લખી જણાવ્યું હતું : ''જે લોકો શ્રી માતાજી પ્રતિ ખુલ્લા છે, પોતાના આંતર સ્વરૂપમાં શ્રી માતાજીની સમીપ છે, શ્રી માતાજીના સંકલ્પ સાથે એકરૂપ છે, તેઓ છે શ્રી માતાજીનાં બાળકો, અને તેઓ એમની ખૂબ જ નજીક હોય છે — જે લોકો શારીરિક રીતે

એમની નજીક છે તેઓ નહિ.'' આ સત્યને હું નકારતો નથી. પરંતુ તો પછી શ્રી માતાજીએ દેહ શા માટે ધારણ કર્યો ? અને આપણે પોંડિચેરીમાં શા માટે છીએ ? ગમે ત્યાં રહીને સાધક આંતર સંબંધ પ્રસ્થાપિત કરી શકે છે; અહીં આવવાની કોઈ જરૂર રહેતી નથી.

ઉત્તર : શ્રી માતાજીએ દેહ ધારણ કર્યો છે કારણ કે શારીરિક પ્રકારનું કાર્ય (દા.ત. શારીરિક જગતમાં પરિવર્તનનું કાર્ય સુદ્ધાં) કરવાનું હતું. તેઓ લોકો સાથે પાર્થિવ સંબંધ બાંધવા આવ્યાં નથી. અમુક લોકો એમના કાર્યમાં ભાગીદાર થવા એમની સાથે આવ્યા છે, બીજાઓને તેમણે બોલાવ્યા છે. અન્ય બીજાઓ પ્રકાશની ઝંખના કરતા આવ્યા છે. દરેક સાથે શ્રી માતાજીને અંગત સંબંધ છે, અથવા અંગત સંબંધની શક્યતા છે. પરંતુ એ પ્રત્યેક સંબંધ એ એક આગવો સંબંધ છે અને શ્રી માતાજી પ્રત્યેક વ્યક્તિ સાથે એકસમાન સંબંધ રાખે એવું કોઈ પણ કહી શકે નહિ. તેઓ અમુક સાધકો સાથે ભૌતિક રીતે નજીક છે એટલે તેમણે મારી સાથે પણ નજીદીકી રાખવી જ જોઈએ એવો દાવો કોઈ પણ સાધક કરી શકે નહિ. અમુક લોકોના શ્રી માતાજી સાથે નજદીકી અંગત સંબંધ છે છતાં તેઓ તેમાંના ઘણા થોડાને મળતાં હોય છે. અમુક લોકોના સંબંધ ઓછા નજદીકી અને ઓછા અંગત હોય છે, છતાં કોઈ કારણસર તે લોકો શ્રી માતાજીને વારંવાર મળતા હોય છે તથા લાંબા સમય સુધી એમની નજીક રહેતા હોય છે... શ્રી માતાજી શું કરે છે તે તમારું શારીરિક મન સમજી શકે નહિ.... પ્રત્યેક કીસ્સામાં જુદા જુદા કારણોને લઈને પ્રત્યેક કીસ્સાને અનુરૂપ તેઓ કાર્ય કરતાં હોય છે. (CWSA 32 : 509)

*

## શ્રી માતાજીની તથા મારી સહાય હંમેશાં તમારે માટે રહેલી છે.

શ્રી માતાજીની તથા મારી સહાય હંમેશાં તમારી સાથે રહેલી છે. તમારે સંપૂર્ણપણે એના પ્રતિ વળવાનું છે અને એ તમારા પર કાર્ય કરશે. જે આડે આવે છે એ છે તમારી અયોગ્યતાના તમારા ખોટા વિચારો, ''મારી અંદર રહેલી ખરાબ વસ્તુઓ મને શ્રી માતાજીની કૃપા પ્રાપ્ત કરતાં રોકે છે'' એવા તમારા ખોટા વિચારો. અભીપ્સાના અભાવના વિચારો, જે તમને સાક્ષાત્કાર તથા અનુભૂતિ પ્રાપ્ત કરતાં રોકે છે. આ બધા વિચારો એકદમ ખોટા છે, બિલકુલ સાચા નથી. એ વિચારો તમારા પોતાના પણ નથી, એ છે તમારી પર ફેંકવામાં આવેલાં સૂચનો. અન્ય સાધકો ઉપર આ જ રીતે સૂચનો ફેંકવામાં આવતાં હોય છે, જેમનો હેતુ હોય છે નિરાશા ઉત્પન્ન કરવી. તમારામાં અયોગ્યતા નથી, ખરાબ વિચારો પણ નથી, જે આડે આવતા હોય. અનુભૂતિને અટકાવી દે એવો અભીપ્સાનો અભાવ પણ નથી. જે છે એ છે નિરાશા, જાતમાં વિશ્વાસનો અભાવ, નિરાશ થવાની તૈયારી, આ જ માત્ર કારણો છે. અન્ય કોઈ કારણ નથી. મેં તમને અગાઉ લખી જણાવ્યું હતું તે મુજબ સર્વ સાધકોને, શ્રેષ્ઠ તેમ જ બળશાળીમાં બળશાળી સાધકને પણ સાધનાના પ્રવાહમાં રૂકાવટ આવતી હોય છે. પોતાની જાતને અયોગ્ય ગણવા માટે એ કારણ ન હોવું જોઈએ. પોતાને માટે કોઈ આશા નથી એમ માનીને અહીંથી ચાલ્યા જવા માટે એ કારણ યોગ્ય નથી. થોડીક શાન્તિ રાખવાથી સાધનાનો પ્રવાહ પુનઃ ચાલુ થઈ

જશે. તમને જરૂરી અનુભૂતિઓ પણ થઈ છે, જરૂરી પ્રગતિ પણ તમે હાંસલ કરી છે, પણ શારીરિક ચેતનાની થોડી મુશ્કેલીઓ અગ્રભાગે આવવાથી એ બધું થોડા સમય માટે અટકી ગયું હતું. આવું દરેકના કીસ્સામાં બને જ છે, એ તમારે માટે જ બન્યું છે એવું નથી. તમને મેં આ વાત સમજાવી હતી. આ બધી મુશ્કેલીઓ હંમેશાં આવતી જ રહે છે અને એને દૂર કરવાની જ હોય છે. શક્તિના કાર્યથી એક વખત એ મુશ્કેલી દૂર થઈ જાય એટલે સાધના અગાઉની માફક ચાલુ થઈ જતી હોય છે. પરંતુ તમે તો આ ખોટા વિચારો, અયોગ્યતાના, અભીપ્સાના અભાવના વિચારોને કારણ ગણી, એ વિચારોનું સ્વાગત કરી, એમને લાડ લડાવી પૂરેપૂરી નિરાશામાં ગરકાવ થઈ ગયા. તમારે એ બધી વસ્તુઓને ખંખેરી નાખવી જોઈએ અને તમને પ્રાપ્ત થતાં વિચારનાં સૂચનોને માનવાનો ઇનકાર કરી દેવો જોઈએ. આમ અયોગ્યતા અને નિરાશાના વિચારોમાં કોઈ પણ સાધકોએ રાચવું જોઈએ નહિ — એ વિચારો એકદમ અપ્રસ્તુત છે. કારણ સાધકની અંગત યોગ્યતા કે ગુણવત્તા કે લાયકાત એને સફળતા અપાવતી હોતી નથી. સફળતા અપાવે છે શ્રી માતાજીની કૃપા, એમની શક્તિ અને એ કૃપા તથા એમની શક્તિના કાર્યને અપાતી આત્માની સંમતિ.

અંધ, કાળા વિચારો પરત્વેથી મુખ ફેરવી લો અને માત્ર શ્રી માતાજી પ્રતિ દૃષ્ટિ કરો, પરિણામ અને કામના માટેની અધીરાઈથી નહિ; પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક શ્રી માતાજી પ્રતિ દૃષ્ટિ કરો અને એમનું કાર્ય તમારી અંદર શાન્તિ સ્થાપિત કરે તથા ચૈત્ય અભિમુખતા અને સાક્ષાત્કાર પરત્વેની તમારી પ્રગતિનો નવેસરથી આરંભ કરી દે એમ થવા દો. એમ થવાથી તમે જેની ઝંખના કરો છો — સંપૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ, તેને તમે નિશ્ચિતપણે, નિઃશંક લઈ આવશો.
(CWSA 29 : 34)

*

## આધ્યાત્મિક પ્રગતિ અને બાહ્ય પરિસ્થિતિઓ

આંતરિક આધ્યાત્મિક પ્રગતિ બાહ્ય પરિસ્થિતિઓ ઉપર આધારિત હોતી નથી. એના વિશે આપણે અંતરમાંથી જેટલો પ્રતિભાવ એને માટે આપીએ છીએ તેટલા બધા પ્રમાણમાં તો નહિ જ — આધ્યાત્મિક અનુભૂતિનો ચુકાદો હંમેશાં આ જ રહ્યો છે. એટલા માટે જ અમે યોગ્ય વલણ લેવા ઉપર આગ્રહ સેવીએ છીએ અને એ વલણમાં ટકી રહેવા પર ભાર મૂકીએ છીએ : બાહ્ય સંજોગો ઉપર આધાર ન રાખતી એક આંતર અવસ્થા, સમતા અને સ્વસ્થતાની અવસ્થા પ્રાપ્ત થવી જોઈએ. એકદમ આ અવસ્થા પ્રાપ્ત ન થાય તો એક આંતર સુખાકારીની અવસ્થા, વધુને વધુ અંતર્મુખ થતા જવું, જીવનના આઘાતો અને શોકની દયા પર હંમેશાં આધારિત એવી સપાટી પરના મનમાં જીવવા કરતાં અંતરમાંથી બહાર દૃષ્ટિ કરતાં રહેવું. જીવન અને એની ખલેલકારક શક્તિઓ કરતાં વ્યક્તિ આંતરિક અવસ્થા દ્વારા જ બળવત્તર બની રહી શકે છે, તથા વિજયની આશા રાખી શકે છે.

અંતરમાં સ્વસ્થ રહેવું, પસાર થઈ જવાનો દૃઢ સંકલ્પ, મુશ્કેલીઓ કે ચઢઊતર દ્વારા વ્યગ્ર

થવા કે નાહિંમત થવાનો ઇનકાર કરી દેવો, એ આ માર્ગ ઉપર શીખવાની અનેક વસ્તુઓમાંની પ્રથમ વસ્તુ છે.... બાહ્ય પરિસ્થિતિઓ કરતાં આધ્યાત્મિક વાતાવરણ વધુ મહત્ત્વનું છે; વ્યક્તિ જો એ વાતાવરણ પોતે પ્રાપ્ત કરી શકે અને પોતાની જ આધ્યાત્મિક હવાનું સર્જન કરી શકે, જેમાં એ શ્વાસ લઈ શકે, તથા જીવી શકે તો એ છે પ્રગતિની સાચી પરિસ્થિતિ.

(CWSA 29 : 83)

*

...મારાં અનેક દર્શનોમાં મેં શ્રી અરવિન્દનું દર્શન કર્યું હતું; શારીરિક રીતે તેઓ જે રીતે દેખાય છે તેવા જ મેં એમને જોયા હતા; પરંતુ ઐશ્વર્યયુક્ત, મારી પ્રથમ મુલાકાત વખતે મેં જે વ્યક્તિને નિહાળી હતી તે : એકદમ પાતળો દેહ, સુવર્ણમય તાંબાની ઝાંય, અવ્યવસ્થિત દાઢી અને લાંબા વાળ, ધોતી ધારણ કરેલ, જેનો એક છેડો ખભા ઉપર નાખેલો હતો, ભુજાઓ અને વક્ષઃસ્થળ ખુલ્લું, પગ ઉઘાડા. એ સમયે મેં વિચાર્યું હતું આ છે 'Vision artire', દર્શન ! હું તે સમયે ભારત વિશે કશું પણ જાણતી ન હતી. ભારતીય લોકોને ભારતીય વસ્ત્ર પરિધાનમાં મેં કદાપિ જોયાં ન હતાં....

અને હું એમની સમક્ષ હિન્દુ પ્રાણાલી મુજબ સાષ્ટાંગ દંડવત્ પ્રણામની મુદ્રામાં લાંબી થઈને ઢળી પડી હતી.... મેં એમ સહજ કર્યું હતું અને સાથોસાથ બાહ્ય સ્વરૂપ પૂછી રહ્યું હતું : 'આ બધું શું છે ?'

મેં એ દર્શન કાગળ પર લખી લીધું હતું; પરંતુ એના વિશે મેં કોઈને જણાવ્યું ન હતું. (સ્વાભાવિકપણે કોઈ પણ વ્યક્તિ આવી વસ્તુ વિશે વાત કરતી હોતી નથી). અને મારી છાપ એવી હતી કે એ દર્શન સૂચક હતું. ભાવિની આગાહીરૂપ હતું અને ભવિષ્યમાં એવું કંઈક બનશે જ એમ મને લાગ્યું હતું.

હું અહીં આવી હતી... મારી અંદરનું કંઈક સૌ પ્રથમ શ્રી અરવિન્દને એકાન્તમાં મળવા ઝંખી રહ્યું હતું. R સવારે એમને મળવા ગયા હતા અને મારે એમને બપોરે મળવા જવાનું હતું. તેઓ હાલ જે જૂનું ગેસ્ટ હાઉસ તરીકે ઓળખાય છે એના બીજા ઓરડામાં રહેતા હતા. હું દાદર ચઢી અને તેઓ દાદરના ઉપરના ભાગે મારી રાહ જોતા ઊભા હતા... મને જે દર્શન થયું હતું તેવું આબેહૂબ દૃશ્ય ! એજ પ્રમાણેનું વસ્ત્રપરિધાન, એ જ સ્થિતિ, એ જ આકૃતિ, એમનું મસ્તક ઉન્નત ! તેમણે પોતાનું મસ્તક મારા પ્રતિ ફેરવ્યું... અને મેં એમનાં ચક્ષુઓમાં જોઈ લીધું કે 'તેઓ' જ છે. બે વસ્તુઓ સ્પષ્ટ થઈ ગઈ. (એકાએક આંચકો લાગ્યો હોય એવો સંકેત). આંતરિક અનુભૂતિ તુર્ત જ બાહ્ય અનુભૂતિ સાથે એક થઈ ગઈ અને એ બંને (આંતરિક અને બાહ્ય) અનુભૂતિઓનું એકીકરણ થઈ ગયું...

પરંતુ આ મારા દર્શનનો આરંભ માત્ર હતો. અનુભૂતિઓની હારમાળા, દસ મહિનાનો પોંડિચેરીમાંનો મુકામ, પછી પાંચ વર્ષની જુદાઈ, પોંડિચેરીમાં પુનરાગમન, ફરી પાછું એ જ ઘરમાં, એ જ રીતનું પુનઃમિલન — અને દર્શનની ફલશ્રુતિ મળી આવી... હું એમની બાજુમાં

જ ઊભી હતી... અમે બંને, એક બીજાની સાથે ઊભાં હતાં, ખુલ્લી બારી બહાર અમારી દૃષ્ટિ સ્થિર થયેલી હતી અને પછી એક જ ક્ષણે, અમે બંનેએ એકસાથે અનુભવ્યું કે : 'Now the Realization will be accomplished'. 'હવે સાક્ષાત્કાર સિદ્ધ થઈ શકશે.' મહોર લાગી ચૂકી હતી... અને સાક્ષાત્કાર સિદ્ધ થશે. મારી અંદર વસ્તુઓ કદાવર રીતે અવતરિત થતી મેં અનુભવી – મારા દર્શનમાં જે નિશ્ચિતતાનો મેં અનુભવ કર્યો હતો એવી જ નિશ્ચિતતાપૂર્વક. એ ક્ષણ પછી આગળ ઉપર કંઈ કહેવાનું રહ્યું ન હતું – શબ્દો નહિ, કશું જ નહિ. અમે જાણતાં હતાં કે એ 'તે' જ છે.

(The Mother : Conversations with a disciple : December 20, 1961)

*

## મારા જીવનકાર્ય વિશે હું કેવી રીતે સભાન બની[1]

મારા જીવન કાર્ય વિશે હું ક્યારે સભાન બની તે કહેવું મુશ્કેલ છે. એમ કહી શકાય કે જન્મથી જ હું એ વિશે સભાન હતી અને મન તથા બુદ્ધિશક્તિના વિકાસની સાથે સાથે ચેતનાની ચોકસાઈ અને સંપૂર્ણતાનો પણ વિકાસ થતો ગયો.

૧૧થી ૧૩ વર્ષની ઉંમર દરમિયાન શ્રેણીબંધ ચૈતસિક તેમજ આધ્યાત્મિક અનુભવો દ્વારા મને એ દર્શન પ્રાપ્ત થયું હતું કે ઈશ્વરનું અસ્તિત્વ છે અને એટલું જ નહિ પણ માનવ એની સાથે ઐક્ય સાધી શકે છે, પોતાની ચેતનામાં અને કાર્યમાં એનો પૂર્ણ સાક્ષાત્કાર પામી શકે છે. તેમજ દિવ્ય જીવન દ્વારા પૃથ્વી પર એનો આવિર્ભાવ કરી શકે છે એ રહસ્ય પણ મારી સમક્ષ પ્રગટ કરવામાં આવ્યું હતું. આ દર્શનની સાથે સાથે એની પરિપૂર્ણતા માટે જરૂરી એવી વ્યવહારુ સાધના પણ મને મારી ઊંઘ દરમિયાન અનેક શિક્ષકો દ્વારા આપવામાં આવતી. અને એ શિક્ષકોમાંના થોડાઘણાને હું પાછળથી ભૌતિક કક્ષાએ મળી પણ હતી.

પછીથી, જેમ જેમ આંતરિક તેમજ બાહ્ય વિકાસ સધાતો ગયો તેમ તેમ તે શિક્ષકોમાંના એક સ્વરૂપ સાથેનો મારો આધ્યાત્મિક તેમજ ચૈતિસિક સંબંધ સ્પષ્ટ થતો ગયો અને એ હંમેશનો બની ગયો. તે સમયે ભારતીય તત્ત્વજ્ઞાન તેમજ ભારતના ધર્મો વિશેનું મારું જ્ઞાન અલ્પ હોવા છતાં એ સ્વરૂપને હું અંતઃપ્રેરણાથી કૃષ્ણ તરીકે ઓળખવા લાગી અને ત્યાર બાદ મને એ જ્ઞાત થઈ ગયું હતું કે તેમની સાથે જ મારે ઈશ્વરનું કાર્ય કરવાનું છે (અને તેમને એક દિવસ હું પૃથ્વી ઉપર જરૂર મળીશ એની પણ મને ખાતરી હતી)

... શ્રી અરવિન્દનાં દર્શન કરતાંની સાથે જ મેં તેમની અંદર હું જે આત્મીય સ્વરૂપને કૃષ્ણ કહેતી હતી તે સ્વરૂપને ઓળખી લીધું.... મને જે સંપૂર્ણ ખાતરી થઈ ચૂકેલી છે કે મારું સ્થાન અને મારું કાર્ય અહીં, ભારતમાં તેઓની પાસેજ છે તેની સમજૂતી આપવા માટે આટલું પૂરતું છે.

---

૧. ૧૯૨૦ના અંતમાં શ્રી માતાજીએ એક વિનંતિના પ્રત્યુત્તરમાં આ શીર્ષક હેઠળ એક પત્ર લખ્યો હતો. એ પત્ર ચંદ્રનગરથી પ્રસિદ્ધ થતા મેગેઝીનમાં પ્રસિદ્ધ થયો હતો.



*Love*

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ કેન્દ્ર, વિસનગરમાં શ્રી માતાજીના જન્મદિવસની ઉજવણી તેમ જ તેમની ચરણપાદુકાની સ્થાપનાનો કાર્યક્રમ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત વરિષ્ઠ સાધક શ્રી કાંતિભાઈના હસ્તે ધ્વજવંદન દ્વારા કરવામાં આવી હતી. શ્રી માતાજીની ચરણપાદુકાની સ્થાપના કળાત્મક રીતે તૈયાર કરવામાં આવેલ પીઠિકા ઉપર શ્રી અરવિન્દ સોસાયટી, ગુજરાત સ્ટેટ કમિટીના અધ્યક્ષ શ્રી શરદભાઈ જોશીના શુભ હસ્તે કરવામાં આવી હતી. પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શ્રી શરદભાઈએ શ્રી માતાજી તે આદ્યાશક્તિ, પરમ ચેતના છે એ વિશે જણાવ્યું. ત્યારબાદ પાદુકાદર્શન તેમ જ સમાધિ સમીપ સમૂહધ્યાનના કાર્યક્રમો થયા. બીજી બેઠકમાં શ્રી શરદભાઈ જોશીએ શ્રી માતાજીનાં ચરણોનો મહિમા કરતી સાવિત્રી મહાકાવ્યના પર્વ ૩, સર્ગ ૨ની પંક્તિઓ ટાંકી વિશદ રજૂઆત કરી હતી. ત્યારબાદ પ્રશ્નોત્તરી થઈ હતી. આભારવિધિ સાધક શ્રી ડી. એમ. પટેલે કરી. છેલ્લે પ્રસાદ વિતરણનો કાર્યક્રમ પણ થયો.

*

શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર, લુણાવાડાના ઉપક્રમે શ્રી માતાજીની ૧૪૦મી વર્ષગાંઠની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કબીર આશ્રમના સત્સંગ હૉલમાં કરવામાં આવ્યું હતું. અધ્યક્ષસ્થાને હતા મહંત શ્રી પુરુષોત્તમદાસજી સાહેબ. કાર્યક્રમમાં પ્રાર્થના, સમૂહધ્યાન તથા પ્રાસંગિક વક્તવ્યો, દિવ્યાંગ બાળકોનું અભિવાદન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કેન્દ્રના અધ્યક્ષ, મંત્રી તથા અન્ય ૭ સ્થાપક સભ્યોએ શ્રી અરવિન્દ, શ્રી માતાજી વિષયક વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે અન્ય વ્યક્તિઓના જન્મ દિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી !! કાર્યક્રમમાં પ્રો. ડૉ. શંકરભાઈ પ્રજાપતિના વક્તવ્યનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે શ્રી પુરુષોત્તમદાસજી સાહેબે આશીર્વચન પાઠવ્યા હતા.

*

જાન્યુઆરી-ફેબ્રુઆરી-૧૭ માસ દરમિયાન જામનગર કેન્દ્રમાં આ મુજબ કાર્યક્રમો યોજાયા : તા. ૧-૧-૨૦૧૭ : અંગ્રેજી નૂતન વર્ષ-દિન. સવારે ૧૦થી ૧૦.૩૦ - સમાધિ સમીપ સમૂહધ્યાન, ત્યારબાદ નૂતન વર્ષ સંદેશ વિતરણ અને નૂતનવર્ષ કેલેન્ડર્સ વેચાણ. સાંજે ૭થી ૮ : રિદ્ધિમંગલ પ્રાર્થના, સિદ્ધિ-રિદ્ધિ સંદેશનું વાચન, શ્રી માતાજીના ઑર્ગન મ્યુઝીક સાથે ધ્યાન. તા. ૨૧-૨-૨૦૧૭ : શ્રી માતાજીનો જન્મદિન : દર્શન-દિન :- સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન, પ્રણામ અને દર્શન-દિન સંદેશ-વિતરણ. સાંજે ૭ થી ૮.૩૦ પ્રાર્થના ગીતો, 'સાવિત્રી' મહાકાવ્ય પર્વ-૩ : સર્ગ-૨, 'The Adoration of the Divine Mother' નું શ્રી શ્રદ્ધાવાનના વિવરણનું શ્રી કિરીટભાઈ ઠક્કરે કરેલ ભાવાનુવાદ-સાવિત્રીશબ્દામૃત ભાગ-૫માંથી વાચન અને સમજૂતી તથા ધ્યાન. વાતાવરણ અતિ સઘન, શ્રી માતાજીની સન્નિધિ સભર, ભક્તિમય રહ્યું. 'મા ભગવતીની આરાધના' માં આવતા દિવ્ય વર્ણનોથી સૌએ ખૂબ આનંદ અને પ્રસન્નતા અનુભવી. બધા કાર્યક્રમોમાં સાધકોએ મોટી સંખ્યામાં હાજરી આપી.

(અહેવાલ : શ્રી બિપિન શનિશ્ચરા)

શ્રી માતાજી શ્રી અરવિન્દનાં શિષ્યા નથી. શ્રી માતાજીને મારા જેવો જ સાક્ષાત્કાર અને અનુભૂતિ થયેલ છે.

શ્રી માતાજીની સાધના તેઓ ખૂબ નાનાં હતાં ત્યારથી જ શરૂ થઈ ગઈ હતી. તેમની ઉંમર ૧૨ કે ૧૩ વર્ષની હતી ત્યારે રોજ સાંજે અનેક શિક્ષકો એમની પાસે આવતા હતા અને શ્રી માતાજીને વિધવિધ આધ્યાત્મિક સાધનાઓ શીખવાડતા હતા. એ શિક્ષકોમાં એક શ્યામ, એશિયાની વતની એવી વ્યક્તિ (આકૃતિ) પણ હતી. અમે જ્યારે પ્રથમ વખત મળ્યાં ત્યારે તેમણે મને એ શ્યામ, એશિયાની વતની એવી વ્યક્તિ તરીકે તુર્ત જ ઓળખી લીધો હતો. શ્રી માતાજી અહીં આવી શક્યાં અને મારી સાથે એક જ ધ્યેયની પ્રાપ્તિ અર્થે સહયોગ સાધ્યો, તે જાણે કે ઈશ્વરનું વિધાન હતું.

ભારત આવતાં પહેલાં જ શ્રી માતાજીએ બૌદ્ધ યોગમાર્ગ અને ગીતાના યોગમાર્ગમાં નિપુણતા પ્રાપ્ત કરી લીધી હતી. એમનો યોગ એક ભવ્ય સમન્વય પ્રતિ ગતિ ધારણ કરી રહ્યો હતો. એમ થયા બાદ તેઓ અહીં (પોંડિચેરી) પધારે તે સ્વાભાવિક હતું. મારા યોગને મૂર્ત સ્વરૂપ આપવામાં તેમણે મદદ કરી છે અને કરી રહ્યાં છે. એમના સહયોગ વગર આ શક્ય બન્યું ન હોત.

આ યોગમાં (પૂર્ણયોગમાં) બે મહાન સોપાનોમાંનું એક સોપાન છે : શ્રી માતાજીનું શરણ સ્વીકારવું. [૧]

શ્રી અરવિન્દ

(CWSA : 32 : P : 36)

---

૧ પછીથી બીજા સોપાન વિશે શ્રી અરવિન્દને પૂછવામાં આવ્યું હતું ત્યારે એમણે જણાવ્યું હતું : 'દિવ્ય જીવન માટેની સાધકની અભીપ્સા.'

(વર્ષ ૦૩ : અંક ૪)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**